
P.07
લગ્નનાં અઢી વર્ષમાં જ હંસિકા મોટવાણી છૂટાછેડા લે તેવા સંકેત

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07
આલિયા -રણબીરનો હવે ટૂંક સમયમાં નવા ઘરમાં ગૃહપ્રવેશ


તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૦૭ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ સુદ ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 07 • Dt.07-08-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


પાકિસ્તાન સામે નવું સંકટ । સિંધુ ડેલ્ટાનું પાણી સૂકાતા ૪૦ ગામ ઉજ્જડ બન્યાં



07

07
AUGUST- 2025
THURSDAY



07

ઇસરોએ લદાખમાં માર્સ બેઝ શરૂ કર્યો : ભાવિ મૂન મિશન અને માર્સ મિશનની તૈયારી

**મુખ્યમંત્રીનું પ્રત્યક્ષ સ્થળ નિરીક્ષણ**

## વડાપ્રધાનએ ૨૦૨૪માં ૧૨ માર્ચ દાંડીકૂચ સ્મૃતિ દિવસે આ રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કાર્યારંભ ભૂમિવંદનાથી કરાવ્યો હતો

# સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ માટે પૂરજોશ કામગીરી

**અંદાજે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૫૫ એકરમાં આ રિ-ડેવલપમેન્ટ કામગીરી હાથ ધરાઈ । મુખ્યમંત્રી આ કામગીરી પ્રગતિની વિગતો મેળવવા માટે મુખ્ય સચિવ પંકજ જોષી સાથે આશ્રમની મુલાકાતે ગયા હતા**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી હાથ ધરાઈ રહેલા ‘મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ’ની કામગીરીની સમીક્ષા કરી હતી અને સ્થળ નિરીક્ષણ કર્યું હતું.વડાપ્રધાનએ ૨૦૨૪માં ૧૨ માર્ચ દાંડીકૂચ સ્મૃતિ દિવસે આ રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો કાર્યારંભ ભૂમિવંદનાથી કરાવ્યો હતો. અંદાજે રૂ. ૧૨૦૦ કરોડના ખર્ચે મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા ૫૫ એકરમાં આ રિ-ડેવલપમેન્ટ કામગીરી હાથ ધરાઈ છે.મુખ્યમંત્રી આ કામગીરી પ્રગતિની વિગતો મેળવવા માટે મુખ્ય સચિવ પંકજ જોષી સાથે આશ્રમની મુલાકાતે ગયા હતા. મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ચેરમેન આઈ. પી. ગૌતમ અને ખાસ ફરજ પરના અધિકારી શ્રી આઈ.કે. પટેલે મુલાકાત દરમિયાન ‘મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ પુનઃનિર્માણ પ્રોજેક્ટ’ અંતર્ગત ચાલી રહેલી કામગીરીની વિગતો પૂરી પાડી હતી.આ મુલાકાત દરમિયાન, મુખ્યમંત્રીએ જૂના મકાનોના રિસ્ટોરેશનની કામગીરીનું નિરીક્ષણ કરીને પૂર્ણ થયેલા કામો અને પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરી હતી. તેમણે સોમનાથ છાત્રાલય, દસ ઓરડી, વણિક પરિવારની ચાલી અને આશ્રમશાળા જેવા મકાનોની કામગીરી નિહાળી હતી.



પ્રોજેક્ટમાં ચાલતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો, મુલાકાતીઓ માટેના આંતરિક રસ્તા, ડ્રેનેજ, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની કામગીરીની સમીક્ષા મુખ્યમંત્રીએ કરી હતી.આશ્રમની મુલાકાતે આવનારા પ્રવાસીઓ માટે નિર્માણ થનારી પાર્કિંગ સુવિધા, પ્રવેશદ્વાર, ફૂડ કોર્ટ, આશ્રમના પુનઃનિર્માણ પામી રહેલા વિવિધ વિભાગો અને ઐતિહાસિક મહત્વ ધરાવતા સ્થળો પર ચાલતી કામગીરી વગેરેની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**મોટા ભાગના આયોગ ખાલીખમ પડ્યા છે જેના કારણે વિવિધ સમાજના લોકો હેરાન**

# ગુજરાતના પાટીદારો ફરી આંદોલન કરશે આયોગ અને નિગમોમાં ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂક થઈ નથી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૬ ।

ગુજરાતના અનેક આયોગ અને નિગમોમાં ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂક થઈ નથી. મોટા ભાગના આયોગ ખાલીખમ પડ્યા છે જેના કારણે વિવિધ સમાજના લોકો હેરાન થઈ રહ્યા છે. બિન અનામત આયોગમાં પણ ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂક માટે હવે પાટીદાર સમાજે સરકારને અલ્ટીમેટમ આપ્યું છે. જેની તારીખ પણ ૨૫ ઓગસ્ટ રાખી છે.ગુજરાતના અનેક આયોગ અને નિગમોમાં ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂક થઈ નથી. મોટા ભાગના આયોગ ખાલીખમ પડ્યા છે જેના કારણે વિવિધ સમાજના લોકો હેરાન થઈ રહ્યા છે. બિન અનામત આયોગમાં પણ ચેરમેન અને ડિરેક્ટરોની નિમણૂક માટે હવે પાટીદાર સમાજે સરકારને અલ્ટીમેટમ આપ્યું છે. જેની તારીખ પણ ૨૫ ઓગસ્ટ રાખી છે.ગુજરાતમાં બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ તથા આયોગમાં ચેરમેન અને પદાધિકારીઓની નિમણૂકમાં થઈ રહેલા વિલંબથી સમાજના વિવિધ વર્ગોમાં રોષ ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને પાટીદાર સમાજે આ મુદ્દે સરકારને ૨૫ ઓગસ્ટ સુધીનું અલ્ટીમેટમ આપ્યું છે. બિન અનામત નિગમમાં ચેરમેનની ગેરહાજરીથી હાલ ૩૨૦૦થી વધુ અરજીઓ પેન્ડિંગ પડી છે. આના કારણે વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન, ભોજન બિલ સહાય, અને કોચિંગ સહાય જેવી યોજનાઓનો લાભ મળવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ૨૫ ઓગસ્ટની તારીખનું ઐતિહાસિક મહત્વ છે. જુલાઈ ૨૦૧૫માં પાટીદાર સમાજે અનામત માટે આંદોલનની શરૂઆત કરી હતી. પરંતુ ૨૫ ઓગસ્ટ ૨૦૧૫ના દિવસે અમદાવાદમાં મોટું પ્રદર્શન થયું હતું.







### મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

## વિશ્વામિત્રી નદી પરના બ્રિજનું નિર્માણ કાર્ય પૂર્ણ

### બ્રીજની લંબાઈ ૮૦ મીટર છે તે વડોદરા સુરત વેસ્ટર્ન રેલ્વેની મુખ્ય લાઇનને સમાંતર છે

| પ્રતિનિધિ, વડોદરા, તા.૬ |

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વડોદરામાં વિશ્વામિત્રી નદી પરના બીજના નિર્માણનું કાર્ય પૂર્ણ થયું છે. આ બ્રીજની લંબાઈ ૮૦ મીટર છે તે વડોદરા સુરત વેસ્ટર્ન રેલ્વેની મુખ્ય લાઇનને સમાંતર છે. જેમાં ત્રણ થાંભલા છે. જે પૈકી એક નદીની મધ્યમાં તથા બે નદીના કાંઠે છે. વડોદરા એક સૌથી વ્યસ્ત શહેરી કેન્દ્ર છે અને શહેરમાંથી પસાર થતો બ્રિજ નિર્માણ કરવા માટે વિશિષ્ટ યોજના, વડોદરા કોર્પોરેશન અને અન્ય સ્થાનિક પ્રાધિકારીઓ સાથે સંકલન જરૂરી હતું.બુલેટ ટ્રેનની લાઈનદોરી વિશ્વામિત્રી નદીમાંથી વડોદરા વિસ્તારમાં અને આસપાસમાં ૯ અલગ અલગ સ્થળોએ પસાર થાય છે. મુખ્ય નદીના પુલ ઉપરાંત, બાકી આવેલા ૮ ક્રોસિંગમાંથી ૩ ક્રોસિંગ પહેલેથી જ પૂર્ણ થઈ ચુક્યાં છે અને અન્ય સ્થળોએ તાત્કાલિક નિર્માણ કાર્ય ચાલુ છે.બ્રીજની મુખ્ય એ છે કે, તેમાં ૨૬ થી ૨૯.૫ મીટર ઊંચાઈના અને અને ૫.૫ મીટર ગોળાકાર વ્યાસના ૪૦ મીટરના બે સ્પાન છે, જે જીમ્જી (સ્પાન બાય સ્પાન) પદ્ધતિનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે. દરેક થાંભલા પર ૧.૮ મીટર વ્યાસ અને ૫૩ મીટરની લંબાઈવાળા ૧૨ પાઈલ્સ મૂકવામાં આવ્યા છે. એમએએચએસઆર કૉરિડોરમાં



કુલ ૨૫ નદીના બ્રિજ છે, જેમાંથી ૨૧ બ્રિજ ગુજરાતમાં અને ૪ મહારાષ્ટ્રમાં છે. જેમાં ૨૧ નદીના બ્રિજમાંથી ૧૭ બ્રિજનું નિર્માણ થઈ ચૂક્યું છે. જેમાં પાર (વલસાડ જીલ્લો), પુર્ણા (નવસારી જીલ્લો), મીંઢોળા (નવસારી જીલ્લો), અંબિકા (નવસારી જીલ્લો), ઔરંગ (વલસાડ જીલ્લો), વેંગણિયા (નવસારી જીલ્લો), મોહર (ખેડા જીલ્લો), ધાધર (વડોદરા જિલ્લો), કોલક (વલસાડ જિલ્લો), વાત્રક (ખેડા જીલ્લો), કાવેરી (નવસારી જીલ્લો), ખરેરા (નવસારી જીલ્લો), મેશ્વ (ખેડા જીલ્લો), કીમ (સુરત જીલ્લો), દારોઠા (વલસાડ જિલ્લો), દમણ ગંગા (વલસાડ જીલ્લો) અને વિશ્વામિત્રી (વડોદરા જીલ્લો)નો સમાવેશ થાય છે.મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વડોદરામાં વિશ્વામિત્રી નદી પરના બીજના નિર્માણનું કાર્ય પૂર્ણ થયું છે. આ બ્રીજની લંબાઈ ૮૦ મીટર છે તે વડોદરા સુરત વેસ્ટર્ન રેલ્વેની મુખ્ય લાઇનને સમાંતર છે. જેમાં ત્રણ થાંભલા છે. જે પૈકી એક નદીની મધ્યમાં તથા બે નદીના કાંઠે છે.

## ભરૂચની પાણીયાદાર ચોકડી પાસે પથ્થરનો ઘા કરી ટેમ્પોનો કાચ તોડનાર બે ઝડપાયા

| પ્રતિનિધિ, ભરૂચ, તા.૬ |

ભરૂચની પાણીયાદાર ચોકડી પાસે પથ્થરનો ઘા કરી ટેમ્પોનો કાચ તોડનાર બે ઝડપાયા હાસોટના મોથીયા ખાતે રહેતા ડ્રાઈવર શંકરભાઈ ભરવાડએ ફરિયાદમાં કહ્યું હતું કે, ગઈકાલે મેં તથા કંડકટર જેતુભાઈ અમદાવાદની કંપની ખાતે જવા માટે આયસર ટેમ્પો લઈ નીકળ્યા હતા. પાણીયાદાર ચોકડી પાસે બાઈક સવાર બે અજાણ્યા ઈસમોએ પથ્થરનો ઘા કરતા મારા ટેમ્પોનો કાચ તૂટી ગયો હતો. અને બંને શખ્સોએ અમને અપશબ્દો કહી મારી નાખવાની ધમકી આપી હતી. ઘટના અંગે દહેજ પોલીસને જાણ કરતાં પોલીસ કર્મચારીઓ સ્થળ પર દોડી આવી બંને હુમલાખોરોને ઝડપી પાડ્યા હતા.

## જામનગરમાં બે કોલેજીયન વિદ્યાર્થીઓ વચ્ચે તકરાર થયા બાદ એક યુવાન પર ચાર શખ્સોનો હુમલો

| પ્રતિનિધિ, જામનગર, તા.૬ |

જામનગરની ડી.કે.વી. કોલેજમાં બે કોલેજીયન યુવાનો વચ્ચે ઝઘડો થયો હતો, તેનું મનદુઃખ રાખીને કોલેજીયન યુવાન અને તેના અન્ય ત્રણ સાગરીતોએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ મથકમાં નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરના રામેશ્વરનગર, પટેલવાડી વિસ્તારમાં રહેતા અને ડી.કે.વી. કોલેજમાં અભ્યાસ કરતા હાર્દિક માણસીભાઈ મુન નામના ૧૯ વર્ષના ગઢવી યુવાને પોતાના ઉપર હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ડી.કે.વી. કોલેજમાં જ અભ્યાસ કરતા રોનક ખફી અને તેના ત્રણ સાગરીતો સામે ફરિયાદ નોંધાવી છે. કોલેજમાં બેસીને એસાઈમેન્ટ લખવા બાબતે બંને કોલેજીયન વચ્ચે બોલાચાલી થઈ હતી, જેનું મન દુઃખ રાખીને ફરિયાદી હાર્દિક પોતાના ઘેર જઈ રહ્યો હતો, તે દરમિયાન રોનક ખફી અને તેના સાગરીતો અટકાવીને આ હુમલો કરી દીધાનું પોલીસમાં જાહેર થયું છે.

## જૂનાગઢ-બીલખા રોડ પર અચાનક સિંહ આવી ચડતાં વાહનચાલકો ગભરાયા

| પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૬ |

જૂનાગઢના બીલખા રોડ પર ફરી એકવાર સિંહના આંટાફેરા જોવા મળ્યા છે. આ રોડ પર સિંહોનું નીકળવું હવે રોજિંદી ઘટના બની ગઈ છે, જેના કારણે સ્થાનિકો અને રાહદારીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.તાજેતરમાં, બીલખા રોડ પરથી પસાર થઈ રહેલા એક સિંહનો વીડિયો સામે આવ્યો છે. આ સિંહ રોડ પર આવી ચડ્યો હતો અને રાહદારીઓના વાહનોની વચ્ચે થોડા સમય માટે થંભી ગયો હતો. સિંહને રસ્તો ક્રોસ કરવો હતો પરંતુ વાહનોની અવરજવરને કારણે તે અટકી ગયો. આ ઘટના બાદ તાત્કાલિક વન વિભાગના કર્મચારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને સિંહને સુરક્ષિત રીતે જંગલ તરફ મોકલવામાં આવ્યો હતો.આ વિસ્તાર ગિરનાર જંગલના કિનારે આવેલો હોવાથી સિંહોનું રોડ પર આવવું સામાન્ય છે, પરંતુ વધતાં ટ્રાફિક અને માનવ વસ્તીને કારણે ગંભીર અકસ્માતનો ભય વધી ગયો છે. સ્થાનિકોને ડર છે કે જો વન વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં કોઈ સિંહ અકસ્માતનો ભોગ બનશે અથવા કોઈ રાહદારી પર હુમલો થવાની ઘટના બની શકે છે.આવી ઘટનાઓ રોકવા માટે બીલખા રોડ પર વન વિભાગ દ્વારા સતત પેટ્રોલિંગ કરવું અત્યંત જરૂરી બન્યું છે. વન્યજીવો અને માનવ જીવન બંનેની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વન વિભાગે આ બાબતને ગંભીરતાથી લેવી જોઈએ અને તાત્કાલિક અસરથી પગલાં ભરવા જોઈએ.

### મોટી સંખ્યામાં દબાણ અને સઘન કાર્યવાહી

## કચ્છના અબડાસામાં વન વિભાગની જમીન ઉપરનું દબાણ હટાવાયું | ૩૫૦ હેક્ટર જમીન ખુલ્લી કરાઈ

| પ્રતિનિધિ, કચ્છ, તા.૬ |

કચ્છના અબડાસા તાલુકામાં સરકારી જમીન પરના દબાણો હટાવવા માટે તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં કુણાઠીયા અને ભાચુંડા ગામોની સીમમાં વન વિભાગની આશરે ૩૫૦ હેક્ટર જેટલી જમીન પર થયેલા દબાણો દૂર કરવામાં આવ્યા છે.વન વિભાગની કુલ ૬૩૯ હેક્ટર જમીન પૈકી, ૩૫૦ હેક્ટર જમીન પર કેટલાક સ્થાનિક લોકો દ્વારા ગેરકાયદેસર રીતે વાવણી કરીને દબાણ કરવામાં આવ્યું હતું, જે કુલ ૮૬૪ એકર જેટલી જમીન થાય છે. આ દબાણ દૂર કરવા માટે વન વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.



આ કાર્યવાહીમાં પશ્ચિમ કચ્છ, પૂર્વ કચ્છ, અને કચ્છ વિસ્તારના વન વિભાગના કુલ ૧૫૦ થી વધુ કર્મચારીઓ જોડાયા હતા. આ ઉપરાંત, પશ્ચિમ કચ્છ પોલીસના ૧૩૫ થી વધુ પોલીસ જવાનો પણ આ દબાણો દૂર કરવાની કાર્યવાહીમાં સામેલ થયા હતા. આ રીતે મોટા પાયે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ગેરકાયદેસર દબાણો પર જેસીબી મશીન અને ટ્રેક્ટરો ફેરવી દેવામાં આવ્યા હતા.

આ કાર્યવાહીથી તંત્ર દ્વારા સ્પષ્ટ સંદેશો આપવામાં આવ્યો છે કે સરકારી જમીનો પર કોઈપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ ચલાવી લેવામાં આવશે નહીં અને તંત્ર દ્વારા આવા દબાણો સામે કડક પગલાં ભરવામાં આવશે. આ ઘટના ભવિષ્યમાં પણ સરકારી જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરતા લોકોને ચેતવણી સમાન છે.

કચ્છના અબડાસા તાલુકામાં સરકારી જમીન પરના દબાણો હટાવવા માટે તંત્ર દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં કુણાઠીયા અને ભાચુંડા ગામોની સીમમાં વન વિભાગની આશરે ૩૫૦ હેક્ટર જેટલી જમીન પર થયેલા દબાણો દૂર કરવામાં આવ્યા છે.વન વિભાગની કુલ ૬૩૯ હેક્ટર જમીન પૈકી, ૩૫૦ હેક્ટર જમીન પર કેટલાક સ્થાનિક લોકો દ્વારા ગેરકાયદેસર રીતે વાવણી કરીને દબાણ કરવામાં આવ્યું હતું.

## જામનગરના બ્રાસપાર્ટના કારખાનેદાર સાથે રૂપિયા ૧૫ લાખની છેતરપિંડીની પોલીસ ફરિયાદ

| પ્રતિનિધિ, જામનગર, તા.૬ |

જામનગરમાં જ્યોત જ્યોતિ પાર્કમાં રહેતા અને દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં હરે કૃષ્ણ એન્ટરપ્રાઈઝ નામનું કારખાનું ચલાવતા પ્રફુલભાઈ પરસોત્તમભાઈ ગોંડલીયા નામના કારખાનેદારે પોતાની સાથે રૂપિયા ૧૫ લાખ ૧૫ હજારની છેતરપિંડી કરવા અંગે પ્રિયેશ નરેન્દ્રભાઈ દવે નામના જામનગરના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીના કારખાનામાંથી આરોપીએ બ્રાસ કેપનો માલ સામાન ખરીદ કર્યો હતો, જેના પેમેન્ટ માટેનો ચેક આપેલો હતો. પરંતુ જીએસટીવાળું બિલ બનાવવા બાબતે બંને વચ્ચે ચર્ચા થયા બાદ ચેક પાછો આપો, હું તમને રૂબરૂ પેમેન્ટ કરી જાઉં છું. તેમ કહી ચેક લઈને ભાગી છૂટ્યો હતો અને ૧૫ લાખ ૧૫ હજારનો માલ સામાન પચાવી પાડી રૂપિયા નહીં આપી વિશ્વાશઘાત અને છેતરપિંડી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીના કારખાનામાંથી આરોપીએ બ્રાસ કેપનો માલ સામાન ખરીદ કર્યો હતો, જેના પેમેન્ટ માટેનો ચેક આપેલો હતો.

## જામનગરમાં બાઈક અથડાવવા જેવી સામાન્ય બાબતમાં યુવાન પર પથ્થર વડે હુમલો

| પ્રતિનિધિ, જામનગર, તા.૬ |

જામનગરમાં કાલાવડ નાકા બહાર મોરકંડા રોડ પર રબબાની પાર્ક શેરી નંબર સાતમાં રહેતા સોયબ મેરૂભાઈ થૈયમ નામના ૩૪ વર્ષના સંધિ યુવાને પોતાના ઉપર પથ્થર વડે હુમલો કરી નાકના ભાગે તેમજ પડખાના ભાગે ઈજા પહોંચાડવા અંગે જીજે ૧૦ ડી.જી. ૪૬૭૪ નંબરના બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. જયારે તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયો છે. પોલીસમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી યુવાન પોતાનું બાઈક લઈને કાલાવડ નાકા બહાર એસટી ડિવિઝન પાસેથી પસાર થઈ રહ્યો હતો, જે દરમિયાન સામેથી આવી રહેલા બાઈક ચાલક આરોપી સાથે ટકરાઈ ગયો હતો, જે અકસ્માતના મામલે તકરાર કરીને આરોપીએ આ હુમલો કર્યાનું અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનું પોલીસમાં જાહેર કર્યું છે. જે મામલે સિટી એ. ડિવિઝન પોલીસ તપાસ ચલાવે છે. જામનગરમાં કાલાવડ નાકા બહાર મોરકંડા રોડ પર રબબાની પાર્ક શેરી નંબર સાતમાં રહેતા સોયબ મેરૂભાઈ થૈયમ નામના ૩૪ વર્ષના સંધિ યુવાને પોતાના ઉપર પથ્થર વડે હુમલો કરી નાકના ભાગે તેમજ પડખાના ભાગે ઈજા પહોંચાડવા અંગે જીજે ૧૦ ડી.જી. ૪૬૭૪ નંબરના બાઈક ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.



રાજ્યમાં ખાતર વેચાણને લઈને અનેક ફરિયાદો ઉઠવા પામી છે

# ખેડૂતોને આપવામાં આવનારા ખાતરના વેચાણમાં ગેરરીતિ કરનારો ગમે તે હશે તેને છોડાશે નહીં : કૃષિ મંત્રી રાઘવજી

**એક કે બે નહીં પણ દસથી બાર જિલ્લામાં ખાતરના કાળાબજાર જઈ રહ્યા છે । આ બધા અહેવાલોના પગલે કૃષિ મંત્રી રાઘવજી પટેલ ભડક્યા**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૬ ।

રાજ્યમાં ખાતર વેચાણને લઈને અનેક ફરિયાદો ઉઠવા પામી છે. ખાતરના કાળાબજારો થઈ રહ્યા હોવાના આક્ષેપ થયા છે. એક કે બે નહીં પણ દસથી બાર જિલ્લામાં ખાતરના કાળાબજાર જઈ રહ્યા છે. આ બધા અહેવાલોના પગલે કૃષિ મંત્રી રાઘવજી પટેલ ભડક્યા છે. તેમણે રીતસરનો ધોકો પછાડ્યો છે અને જણાવ્યું હતું કે ખેડૂતોને આપવામાં આવનારા ખાતરના વેચાણમાં ગેરરીતિ કરનારો ગમે તે હશે તેને છોડાશે નહીં, તેની સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ખાતરની ગેરરીતિની તપાસ પર હું પોતે જાતે દેખરેખ રાખીશ, જે સત્ય હશે તે સામે લાવીશ.રાજ્યમાં ખાતરના વેચાણમાં મોટાપાયા પર ગેરરીતિઓ થઈ રહ્યા હોવાના અહેવાલો એક પછી એક બહાર આવતા તંત્ર સફાળું જાગ્યું હતું. રાજ્યના દસથી બાર જિલ્લામાં ખાતરના વેચાણમાં ગેરરીતિ કે કૌભાંડ થયાના સમાચાર છે. આના પગલે રાજ્ય સરકારે જામનગર અને ભાવનગરના બે ખાતર વિક્રેતાઓને વેચાણ બંધ કરી દેવાની પણ સૂચના આપી છે. ખાતરના વેચાણમાં મોટાપાયા પર ગેરરીતિ જોતાં સરકારે હવે આ તપાસ



આઈએએસ અધિકારી વિજય ખરાડીને સોંપી છે. તેઓ આ કેસની તલસ્પર્શી તપાસ કરી રહ્યા છે. મહિનાના અંત સુધીમાં અથવા તો આગામી મહિનામાં તેનો રિપોર્ટ આવી જાય તેમ મનાય છે.રાઘવજી પટેલે જણાવ્યું હતું કે ખાતરના વેચાણની ગેરરીતિનો રિપોર્ટ આવી ગયા પછી જે એજન્સીઓ તેમા સંડોવાયેલી હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમના લાઈસન્સ સુદ્ધા પણ રદ કરવામાં આવી શકે છે. ખેડૂતોને મળતું ખાતર અટકાવનારા કોઈને પણ છોડાશે નહીં. રાજ્યમાં ખેડૂતો લાંબા સમયથી ફરિયાદ કરી રહ્યા છે કે તેમને ખાતર મળી રહ્યું નથી. બીજી બાજુ સરકાર કરી રહી છે કે ખાતર તો તેમણે એજન્સીઓને મોકલી દીધું છે. ખેડૂતોની ખાતર ન મળવાની રાવ ગાંધીનગર સુધી પહોંચતા સરકાર મેદાનમાં ઉતરી હતી. રાજ્યમાં ખાતર વેચાણને લઈને અનેક ફરિયાદો ઉઠવા પામી છે. ખાતરના કાળાબજારો થઈ રહ્યા હોવાના આક્ષેપ થયા છે. એક કે બે નહીં પણ દસથી બાર જિલ્લામાં ખાતરના કાળાબજાર જઈ રહ્યા છે. આ બધા અહેવાલોના પગલે કૃષિ મંત્રી રાઘવજી પટેલ ભડક્યા છે. તેમણે રીતસરનો ધોકો પછાડ્યો છે અને જણાવ્યું હતું કે ખેડૂતોને આપવામાં આવનારા ખાતરના વેચાણમાં ગેરરીતિ કરનારો ગમે તે હશે તેને છોડાશે નહીં, તેની સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે ખાતરની ગેરરીતિની તપાસ પર હું પોતે જાતે દેખરેખ રાખીશ, જે સત્ય હશે તે સામે લાવીશ. રાજ્યમાં ખાતરના વેચાણમાં મોટાપાયા પર ગેરરીતિઓ થઈ રહ્યા હોવાના અહેવાલો એક પછી એક બહાર આવતા તંત્ર સફાળું જાગ્યું હતું.

કચેરી બંધ અને અધિકારીઓ ગેરહાજર

## અમરેલીમાં વરસાદની અછત-અનિયમિત વીજળીથી ખેડૂતો મુશ્કેલીમાં । વીજ કચેરી પર ખેડૂતોનો વિરોધ

। પ્રતિનિધિ, અમરેલી, તા.૬ ।

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં છેલ્લા એક મહિનાથી વધુ સમયથી વરસાદની અછત વર્તાઈ રહી છે. આ પરિસ્થિતિમાં ખેડૂતોને પાક બચાવવા માટે પિયતની તાત્કાલિક જરૂરિયાત ઊભી થઈ છે. જોકે, તેમના માટે વીજળી પણ એક મોટી સમસ્યા બની ગઈ છે.ઘાંડલા ફીડર હેઠળ આવતા ઘાંડલા, ભમર, ચીખલી, દોલતી, અને ભાક્ષી સહિતના છ ગામોના ખેડૂતોને છેલ્લા ૮-૧૦ દિવસથી ખેતીવાડી માટે વીજ પુરવઠો નિયમિત રીતે મળતો નથી. પિયત માટે વીજળીની તાતી જરૂરિયાત હોવા છતાં વીજ પુરવઠો ન મળતાં ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો છે. આ તમામ ગામોના ખેડૂતો રાત્રે વિજપડી ખાતેની ઁફઝ્ન(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ) કચેરીએ પહોંચ્યા હતા અને 'ખેડૂતોને લાઈટ આપો'ના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

નોંધનીય છે કે, ખેડૂતો જ્યારે વીજળીની સમસ્યાની રજૂઆત કરવા કચેરી પહોંચ્યા ત્યારે તેમને નિરાશા હાથ લાગી હતી. કચેરીને તાળા લાગેલા હતા અને ફોલ્ડ સેન્ટર પણ બંધ હતું. એક પણ કર્મચારી કે અધિકારી ત્યાં હાજર ન હોવાના કારણે ખેડૂતો વધુ રોષે ભરાયા હતા. ખેડૂતોએ જણાવ્યું કે, 'અમે પાકને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે અને આવા સમયે જ્યારે અમને મદદની સૌથી વધુ જરૂર છે, ત્યારે સંબંધિત અધિકારીઓ ગેરહાજર છે.'

## પતિના આડા સંબંધથી ત્રસ્ત પત્નીનો એસિડ પી આપઘાત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

નિકોલમાં પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધથી ત્રસ્ત પત્નીએ એસિડ પી આપઘાત કર્યો હતો. મૃતકના ભાઈએ બનેવી વિરુદ્ધ નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.ગોમતીપુરમાં રહેતા ૨૪ વર્ષીય ઋત્વિક પરમારની મોટી બહેનના લગ્ન ૨૦૨૩માં નિકોલમાં રહેતા દિપેન વણસોલા સાથે થયા હતા. લગ્ન બાદ યુવકની બહેન પતિના ઘરે સાસરીમાં રહેવા ગઈ હતી. દોઢેક વર્ષ સુધી દંપતી વચ્ચે સારા સંબંધો હતા. પતિ ઓછું કમાતો હોવાથી તેણે પત્નીને નોકરી કરવાની ફરજ પડતા પત્ની નોકરી કરવા લાગી હતી. થોડા મહિના બાદ પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધની જાણ થતા દંપતી વચ્ચે ઝઘડા થતા હતા. ગત ફેબ્રુઆરીમાં રાતે પત્નીની હાજરીમાં પતિ અન્ય સ્ત્રી સાથે વીડિયો કોલ કરતો હતો. આ વાતનો પત્ની વિરોધ કર્યો તો તેની સાથે મારઝૂડ કરી છૂટાછેડા આપવાની ચમકી આપી પિયર મૂકી આવ્યો હતો. બાદમાં સમાજના આગેવાનો અને વડીલોની સમજાવટથી મામલો થાળે પાડ્યો અને પત્નીને ઘરે પાછો લઈને આવ્યો હતો. બાદમાં પણ પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખતો હોવાનું માલુમ પડતા બંને વચ્ચે તકરાર થતી રહેતી હતી.

## પોલીસ મથકમાં દાખલો લેવા આવેલા યુવક અને યુવતીએ મહિલા કોન્સ્ટેબલને માર માર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ , તા.૬ ।

એરપોર્ટ પોલીસ મથકમાં દાખલો લેવા આવેલા યુવક-યુવતીએ મહિલા પોલીસ કોન્સ્ટેબલ સાથે ઝઘડો કર્યો કરી ગાળો ભાંડી હતી. બન્નેએ મહિલા કોન્સ્ટેબલને માર માર્યો હતો. આ મામલે મહિલા કોન્સ્ટેબલે બન્ને સામે ફરિયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે તેમની ધરપકડ કરી છે. એરપોર્ટ પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે લીલાબહેન વસરામભાઇ ફરજ બજાવે છે. તેમનું કામ મિસલેનિઅસ (પ્રકીર્ણ) ટેબલ પર હોય છે. આજે સવારે લીલાબહેન ફરજ પર હાજર હતા ત્યારે બપોરે ૧૨ના સુમારે હીમાક્ષીબહેન સુરેન્દ્રસિંહ વાઘેલા (ઉં.વ. ૨૨, રહે. કલોલ) અને ઓમ સંજયકુમાર શ્રીવાસ્તવ (ઉં.વ.૨૩, રહે. કલોલ) આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમારો એરપોર્ટ એન્ટ્રી પાસ ખોવાઇ ગયો છે. તેની એન્ટ્રી અમોએ ગઇકાલે કરાવી હતી. તેથી તેનો દાખલો અમારે જોઇએ છે. તેથી લીલાબહેને બન્નેને થોડી વાર બેસવાનું કહેતા હતા અને તેઓ પોતાનું કામ કરવા લાગ્યા હતા ત્યારે બન્ને ઉશ્કેરાઇ ગયા હતા અને ગુસ્સો કરી કહેવા લાગ્યા હતા કે, તમે કેમ બેસવાનું કહો છો અમે બધા કાયદા જાણીએ છીએ. તમને નોકરીમાંથી કઢાવી દઈશું. અમારે મોડું થાય છે અત્યારે જ અમને અમારો દાખલો આપો. તેથી લીલાબહેને જણાવ્યું હતું કે, હાલ મારા હાથ પર જે કામ છે તે પૂરું કરી પછી તમને દાખલો બનાવી આપું છે. આટલું કહેતા બન્ને ઉશ્કેરાઇ ગયા હતા અને ગાળો બોલી લીલાબહેન પાસે આવી ગયા હતા. લીલાબહેને ગાળો ન બોલવા કહેતા બન્નેએ ઝપાઝપી કરી હતી અને લીલાબહેનને યુવતીએ કપાળે નખ મારી દેતા તેમને લોહી નીકળવા લાગ્યું હતું. સાથે આવેલા યુવકે પણ લીલાબહેનને માર માર્યો હતો. બૂમાબૂમ થતા અન્ય પોલીસ કર્મચારીઓ આવી ગયા હતા અને બન્નેને ઝડપી લીધા હતા.






## તંત્રી લેખ..

# જોબ માર્કેટ પર દબાણ

કોરોના વાયરસની મહામારીનો ગાળો હવે પૂર્ણ થવા આવ્યો છે પરંતુ હવે તેની માઠી અસર દેખાઇ રહી છે. કોરોના ગ્રહણના કારણે માત્ર ભારતમાં જ નહીં બલ્કે સમગ્ર દુનિયામાં દરેક ક્ષેત્રમાં ભીષણ મંદી આવી આવી ગઈ છે. ઉદ્યોગોની કમર તુટી ગઈ છે. લાંબા સમય સુધી લોકડાઉન રહ્યા બાદ આ પ્રકારની સ્થિતી સર્જાઇ ગઇ છે. એવા સમયમાં જોબ માર્કેટમાં દબાણ વધી રહ્યુ છે. રિપોર્ટ મુજબ લાખો કરોડો લોકોની નોકરી જતી રહી છે. આગામી દિવસો નોકરી કરનાર લોકો માટે વધારે ખતરનાક રહી શકે છે. જો કે નિષ્ણાંતો એ ક બાબત તો ચોક્કસ કહે છે કે એવી ધારણા ખોટી છે કે મોટી વયમાં સારી જોબ મળી શકે નહી. કોઇ પણ વયમાં સારી નોકરી મળી શકે છે તેમાં કોઇ બે મેત નથી. જો કે આના માટે તરીકા જુદા જુદા હોય છે. દરેક વયમાં જોબ શોધી કાઢવાની પ્રક્રિયા અને તરીકા બદલાતા જાય છે. આને લઇને પણ અભ્યાસની કામગીરી વિતેલા વર્ષોમાં નિષ્ણાંતો દ્વારા હાથ ધરવામાં આવી ચુકી છે. જેમાં કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. દરેક વયમાં જોબ શોધવાની પદ્ધિતી સુ રહેલી છે તેના પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતોને સારી રીતે સમજી શકાય છે. આ તો કડવી વાસ્તવિકતા છે કે વય વધવાની સાથે સાથે જોબ શોધવાની બાબત વધારે મુશ્કેલ રૂપ બનતી જાય છે. જોબ માર્કેટમાં કો પણ કંપની યુવાનોને પ્રથમ પ્રાથમિકતા આપે છે. આના માટેના કેટલાક કારણો હોય છે. ભારતમાં મોટા ભાગે હાયરિંગ મેનેજર અનુભવ કરતા વધારે યુવાનોને મહત્વ આપવામાં આવે છે. તેમને લાગે છે કે દેશમાં યુવાનો ખુબ મોટી સંખ્યામાં છે. જેથી ઓછા પૈસામાં વર્કફોર્સ જરૂરી પ્રમાણમાં મળી જાય છે. યુવાનો એનર્જીથી સજ્જ અને ભરેલા હોય છે. આયુવાનો લાંબા સમય સુધી કામ કરી શકે છે. હાયરિંગ મેનેજર વિચારે છે કે સતત ટેકનોલોજી બદલાઇ રહી છે અને આવી સ્થિતીમાં યુવાનો નવી ટેકનોલોજીને વધારે ઝડપથી સારી રીતે શિખી શકે છે. બિઝનેસ માહોલમાં અનુભવની કોઇ વેલ્યુ હવે રહી નથી. જુદી જુદી વયમાં જોબ સર્ચ કરતી વેળા જુદી જુદી રણનિતી અપનાવવામાં આવે છે. ૩૦ વર્ષની વયમાં જોબ સર્ચ પર ધ્યાન આપવામાં આવે તો કેટલીક વિગત ઉભરીને સપાટી પર આવી છે. કેટલીક સ્કીલ હાંસલ કરવામાં આવે છે. રેજ્યુમ પણ શાનદાર રાખવામાં આવે છે. કઇ રીતે પોતાના કેરિયરને દિશા આપી શકાય છે તે બાબત ઉપયોગી હોય છે. આ વયમાં પુરતા પ્રમાણમાં જોખમ લઇ શકાય છે. સાથે સાથે મનની વાત સાંભળી શકવાની સ્થિતી હોય છે. ખરાબ દિવસો માટે કેટલાક મહિનાના પગારને રીઝર્વ રાખવામાં આવે તે જરૂરી છે. દરેક પ્રકારના ઈન્ટરવ્યુ અને ઈન્ટરેક્શનથી કેટલીક નવી બાબત શિખવા મળે તે જરૂરી છે. દરેક સપ્તાહમાં છથી આઠ કલાકનો સમય સર્ચ અને એન્જોય તેમજ લર્ન માટે નક્કી કરવામાં આવે તો ઉપયોગી સાબિત થાય છે. એવા અવસરની શોધ કરવી જોઇએ જેના કારણે પ્રગતિની તક વધારે રહે છે. કામ પર પ્રભાવ છોડી શકાય તેવી કેરિયરની હમેંશા પસંદગી કરવાની વિચારણા કરવી જોઇએ.



**આજે દેશમાં ભૂ-જળની સપાટી નીચે જતા અનેક નવા પડકારો ...**

**સ્માર્ટ ફોનના પ્રયોગથી ખેતીને પણ સ્માર્ટ બનાવવામાં આવી શકે છે ઇન્ટરનેટથી પોતાના પાકના સંબંધમાં સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે જો પાકમાં કોઇ પણ પ્રકારના રોગ છે તો તે અંગે પણ માહિતી મેળવી શકાય છે**

# હવે ખેતીને સ્માર્ટ બનાવવા જરૂર

**ડિજિટલ ટેકનિકના માધ્યમથી અમે ખેડુતોને જાગૃત કરી શકીએ છીએ : રાજ્ય અને જિલ્લામાં જળસ્તર અંગે ખેડુતોને વાકેફ કરી શકાય છે**

આજે દેશને ભુ જળ સ્તર ખુબ નીચે જવાના કારણે એક મોટો પડકારનો સામનો કરવાની ફરજ પડી રહી છે. ડિજિટલ ટેકનિકના માધ્યમથી અમે ખેડુતોને જાગૃત કરી શકીએ છીએ. તેમના રાજ્ય અને જિલ્લામાં જળ સ્તર કેવુ છે તેને લઇને વાકેફ કરી શકીએ ચીએ. જેના કારણે જળના સદઉપયોગ કરીને વધારે નફો ખેડુતો મેળવી શકે છે. દેશમાં આશરે ૫૭ ટકા વસ્તી ૩૦ વર્ષથી નીચેની વયની છે.

જે લોકોની વસ્તી આશકે ૭૫ કરોડની આસપાસ પહોંચે છે. જેમાંથી ૧૦ કરોડ વિદ્યાર્થીઓ શિક્ષણ અને રોજગાર મેળવી રહ્યા છે. જો આ તમામ ગ્રામીણ યુવાનોને કૃષિ ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરવાની ટ્રેનિંગ આપવામાં આવે તો આના કારણે એકબાજુ રોજગારીની તક સર્જાશે અને બીજી બાજુ અમારા કૃષિ ઉત્પાદનમાં વધારો પણ થશે. સ્માર્ટ ફોનના પ્રયોગથી ખેતીને પણ સ્માર્ટ બનાવવામાં આવી શકે છે. ઈન્ટરનેટથી પોતાના પાકના સંબંધમાં સંપૂર્ણ માહિતી મેળવી શકાય છે. જો પાકમાં કોઇ પણ પ્રકારના રોગ છે તો તે અંગે પણ માહિતી મેળવી શકાય છે. સ્માર્ટ ફોનથી ફોટો મોકલીને નિષ્ણાંતોના અભિપ્રાય મેળવી શકાય છે. ભારતમાં ડિજિટલ ટેકનિકનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. આજે દેશના ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા લોકોના હાથમાં પણ આપને મોબાઇલ ફોન



જોવા મળી શકે છે. તેઓ મોબાઇલ ફોન પર માત્ર વાત જ કરતા નથી બલ્કે ફેસબુક, વોટ્સ એપ જેવા સોશિયલ મિડિયાનો પણ ઉપયોગ કરે છે. આ પ્લેટફોર્મનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી આ ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને ખેતીમાં પણ લાભ અને ફાયદા મેળવી શકાય છે. ડિજિટલ ટેકનિકનો ખેતીમાં ઉપયોગ કરવાની વ્યાપક તક રહેલી છે. માત્ર જરૂર છે તો આ ક્ષેત્રમાં ટેકનિકનો વધારે સારો ઉપયોગ કરવાની છે. આજે દેશમાં ૧૨ કરોડ ખેડુતોસીધી રીતે ખેતી અને ખેતી સાથે જોડાયેલા કારોબારમાં જોડાયેલા છે.જુદા જુદા અભ્યાસ અને દાખલા મારફતે સાફ થઇ ગયુ છે કે ડિજિટલ ટેકનિકના ઉપયોગને વધારી દેવાથી કૃષિ ક્ષેત્રમાં ઉત્પાદન આશરે ૧૦ ટકા અને ઉત્પાદકતામાં આશરે પાંચ ટકાનો વધારો થઇ શકે છે.

આ ઉપરાંત ઉત્પાદનની ગુણવત્તાને સુધારી દેવામાં પણ મદદ મળે છે. ખેડુતોની રોકડ આવકમાં પણ આને કારણે વધારો થઇ શકે છે. સૌથી મોટા દાખલા હાલમાં હરિયાણા, પંજાબ, ઓરિસ્સા અને બિહારમાં જોવા મળ્યા છે. ત્યાં કયા ક્ષેત્રમાં અનાજને કેટલા પ્રમાણમાં પાણીની જરૂર છે, છોડને કેટલા અંતર પર રાખવાની જરૂર છે, કયાં ક્યા સમય પર ખેતીના ક્ષેત્રમાં કેટલા પ્રમાણમાં ખાતર આપવાની છે તે અંગે માહિતી મળી જાય છે. આ તમામ બાબતોનુ ધ્યાન ડિજિટલ ટેકનિકના મારફતે રાખવામાં આવે છે. આનુ પરિણામ એ આવ્યુ છે કે અનાજના ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઉલ્લેખનીય વધારો થયો છે. છેલ્લા ચાર વર્ષના ગાળામાં અનાજનુ ઉત્પાજન ૧૦.૩૬ કરોડ સુધી વધીને ૧૧.૫૦ કરોડ સુધી પહોંચી ગયુ છે. ખેડુતને ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને હવામાનની માહિતી પણ આપી શકાય છે. દેશમાં આજે જમીન પાણી સ્તર નીચે જતા અનેક પ્રકારના પડકારોની સ્થિતીમાં છે. ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરીને અમે તમામ પ્રકારની માહિતીનો ઉપયોગ કરી શકીએ છીએ. પાકને વિવિધ પ્રકારના જંતુ અનેબિમારીથી બચાવી શકાય છે. દેશમાં કરોડો ગ્રામીણ યુવાનો ગામમાં રોજગારી મેળવી લેવા માટે પ્રયાસ કરે છે. તાજેતરમાં આંતરરાષ્ટ્રીય આર્થિક સંસ્થાના કહેવા મુજબ આશરે ૩૦ ટકા યુવાનોને શિક્ષણ અને રોજગારીની પુરતી તક મળી રહી નથી.

અમારા દેશની આશરે ૫૭ ટકા વસ્તીની વય ૩૦ વર્ષની નીચેની રહેલી છે. જે આશરે ૭૫ કરોડની આસપાસની વસ્તી બેસે છે. જેમાંથી માત્ર ૧૦ કરોડ વિદ્યાર્થીઓ જ શિક્ષણ અને રોજગાર મેળવી રહ્યા છે. જો આ ગ્રામીણ યુવાનોને ટ્રેનિંગ આપવામાં આવે તો સીધો ફાયદો થઇ શકે છે. આના કારણે યુવાનોને રોજગારીની સાથે સાથે કૃષિનુ ઉત્પાદન પણ વધી શકે છે. જો આ ગ્રામીણ યુવાનોને કૃષિમાં ડિજિટલ ટેકનિકનો ઉપયોગ કરવાની ટ્રેનિંગ આપવામાં આવે તો આના કારણે રોજગારની વ્યાપક તક સર્જાશે. આના કારણે ખેડુતની આવક પણ વધી શકે છે. ગ્રામીણ ક્ષેત્રમાં દર મહિને ૧૦ લાખ બેરોજગાર યુવાનો વધી રહ્યા છે. તેમને રોજગારી આપીને ઉત્પાદન વધારી દેવાની બાબત પ્રાથમિકતા રહે તે જરૂરી છે.

# ઇલેક્ટ્રિક વાહનોની માંગ વધવા લાગી

ભારતમાં હાલના સમયમાં લેવામાં આવી રહેલા પગલાઓના કારણે ભારતમાં ઇલેક્ટ્રિક વાહનોની માંગમાં હવે તેજી આવી રહી છે. આવનાર સમયમાં ઇલેક્ટ્રિક વાહનોની માંગ અનેક ગતિ વધનાર છે. આવનાર સમય પણ ઇલેક્ટ્રિક વાહનોનો રહેલો છે. તે બાબતની નોંધ લઇને ભારતમા પણ કંપનીઓ આગળ વધી રહી છે. વર્તમાન સ્તિતીમાં બેટરીની કિંમત ટુ વ્હીલર્સ વાહનની કુલ કિંમતના ૪૦ ટકાની આસપાસ છે. આવનાર પાંચ વર્ષમાં આ ઘટીને ૨૦ ટકા થઇ જવાના સંકેત દેખાઇ રહ્યા છે. જે ઇકો સિસ્ટમ માટે ખુબ સારા સંકેત તરીકે છે. સાથે સાથે પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ કાર ઉપયોગી રહેનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દુનિયાભરમાં તેલ ભંડારો હવે ખતમ થઇ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય તાકાતો તેની કિંમતો પર સીધી અસર કરે છે. ભારતના આયાત બિલમાં સૌથી મોટો હિસ્સો તેલ આયાત છે. આનો ઉકેલ લાવવા માટે અને આયાતને ઘટાડી દેવા માટે ઇલેક્ટ્રિક વાહનોની સારા વિકલ્પ તરીકે છે. ઇલેક્ટ્રિક મોબિલિટી સીધા વિકલ્પ તરીકે છે. ઇલેક્ટ્રિક વાહનોના બજારમાં ઝડપથી વધારો થતા નવી આશા જાગી છે. ઇલેક્ટ્રિક વાહનો સાથે સંબંધિત માર્કેટ કદ ખુબ વધનાર છે. ટેકનિકલ પરિવર્તનના કારણે પણ સ્થિતીમાં સુધારો થયો છે. ઇલેક્ટ્રિક વાહનોમાં ગ્રાહકોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. આ કહેવાની બાબત ખોટી નથી કે આવનાર સમય ઇલેક્ટ્રિક વાહનોનો છે. ભારતીય કંપનીઓ અને બજાર બંને તેને હાથો હાથ લેવા માટે તૈયાર છે. ભારતના બજારને રોચક ગણી શકાય છે. ભારતીય વસ્તીની સરેરાશ વય ૨૮ વર્ષની છે. સાથે સાથે આશરે ૬૪ ટકા વસ્તી ૪૦ વર્ષથી પણ ઓછી વયની છે. ભારતના શહેરીકરણની ગતિ પણ ખુબ ઝડપથી થઇ રહી છે. ગ્રામીણ ક્ષેત્રોને શહેરી માળખામાં સામેલ કરવા માટે શહેરોની મર્યાદાને ઝડપથી વધારી દેવામાં આવી રહી છે. રોજગાર અને વધારે સારી તક મળી શકે તે માટે ગ્રામીણ વિસ્તારોમાંથી લોકો મોટા પાયે શહેરોની તરફ આવી રહ્યા છે. વર્ષ ૧૯૫૫માં માત્ર પોણા બે કરોડ લોકો શહેરી વિસ્તારમાં રહેતા હતા. ૭૦ વર્ષ બાદ આ વસ્તી ૪૪ કરોડ સુધી પહોંચી ગઇ છે. અંદાજ તો એવો છે કે આવનાર પાંચ વર્ષમાં ૫૩ કરોડ લોકો શહેરી ક્ષેત્રોમાં રહેતા થઇ જશે. હાલની મંદીને બાજુમાં મુકીને જોઇએ તો ભારતીય અર્થવ્યવસ્થા દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા તરીકે છે. વધતી જતી અર્થવ્યવસ્થા લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં ભૂમિકા અદા કરી રહી છે. આનુ પરિણામ એ આવ્યુ છે કે દેશમાં મધ્યમ વર્ગનો વિકાસ સૌથી ઝડપથી થઇ રહ્યો છે. દેશમાં હાલના સમયમાં મધ્યમ વર્ગની વસ્તી આશરે ૩૮ કરોડ છે. અનુમાનની દ્રષ્ટિએ જોવામાં આવે તો વર્ષ ૨૦૩૦ સુધી દુનિયાભરની મધ્યમ વર્ગીય વસ્તી પૈકી બે તૃતિયાશ એશિયામાં રહેનાર છે. સાથે સાથે આશરે દુનિયાના આગામી ૧૦૦ કરોડ મધ્યમવર્ગીય લોકો પૈકી ૪૦ ટકા ભારતમાં રહેનાર છે. ગરીબી ઓછી થવાનો અર્થ એ છે કે લોકોની પાસે ખર્ચ કરવા માટે વધારે નાણા રહેનાર છે. એટલે કે માંગમાં વધારો થનાર છે. જેના કારણે પુરવઠા પર સીધી અસર થનાર છે. બીજી બાજુ ભારત દુનિયાના સૌથી વધારે પ્રદુષિત દેશ પૈકી એક છે.



**હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ ૯૮૫ અબજ ડોલર સુધી ટુંકમાં જશે...**

**આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે જેમાં સૌથી વધારે માંગ ઇમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે**

# હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલનો ક્રેઝ વધ્યો

**હેન્ડીક્રાફ્ટ ચીજોને વેચવા માટે કારોબારીઓ ઓનલાઇન ઉપરાંત કેટલાક અન્ય વિકલ્પનો ઉપયોગ કરી શકે અને જંગી કમાણી કરી શકે**

હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ રોકેટ ગતિથી વધી રહ્યુ છે. આવનાર સમયમાં તેમાં વધારે તેજી આવવાના સંકેત દેખાઇ રહ્યા છે. હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટ સેલને લઇને હવે ઉદ્યોગસાહસિકો પણ લોકોની પસંદ મુજબ નવા નવા પ્રયોગ કરી રહ્યા છે. આર્ટિજન પ્રોડક્ટની માંગ વૈશ્વિક સ્તર પર ૮-૯ ટકા વાર્ષિક દરે વધી રહી છે. આમાં ભારત ઉપરાંત ચીન અને અફઘાનિસ્તાનની ચીજોની માંગ સૌથી વધારે જોવા મળી રહી છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક સર્વે બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા હતા. જેનાથી જાણી શકાય છે કે હેન્ડીક્રાફ્ટ માર્કેટનુ કદ કેટલી ઝડપથી વધી રહ્યુ છે.

આ સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૩ સુધી હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસમાં માર્કેટ કદ ૯૮૫ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. જેમાં સૌથી વધારે માંગ ઈમિટેશન, જ્વેલરી, માર્બલ ક્રાફ્ટ, જરી પ્રોડક્ટસ, કારપેટનો સમાવેશ થાય છે. દેશમાં પણ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ માર્કેટનુ કદ સતત વધી રહ્યુ છે. મેકિંગ અને માર્કેટિંગથી લઇને વધારે જાણરુકતા જોવા મળી રહી છે. આ જ કારણસર ઓનલાઇન એવા પ્રોડક્ટસની ઉપલબ્ધતા પણ વધી ગઇ છે. ભારતમાં ૧૭ ટકા કરતા વધારે ઍર્ટિજન અને ટ્રાઇબ્સ એવા છે જેના દ્વારા સ્ટાર્ટ અપ તરીકે આવા પ્રોડક્ટસ મેકિંગની ફરી શરૂઆત કરી છે. ચીજોની યોગ્ય કિંમતો અને માર્કેટિંગ માટે ઓનલાઇન સેલ ઉપરાંત તેમની પાસે કેટલાક અન્ય વિકલ્પ રહેલા છે. આ વિકલ્પને લઇને પણ ચર્ચા છે. ઓનલાઇન પ્રોડક્ટસ સેલ કરવાની બાબત ગ્રામીણ



ક્ષેત્રોમાં રહેતા લોકોની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ઉપયોગી બની શકે છે પરંતુ આ પડકાર છે. ઓનલાઇન પ્રોડક્ટ સેલ કરવાની બાબત ગ્રામીણ વિસ્તારમાં રહેતા હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ મેકર માટે પડકારરૂપ છે.

જાણકાર લોકો કહે છે કેં મેટ્રો શહેરોમાં હવે વીક ડે માર્કેટની બોલબાલા દેખાઇ રહી છે. શહેર ઉપરાંત અલગ અલગ વિસ્તારમાં એક એક દિવસે આવા અસ્થાયી માર્કેટ લાગતા રહે છે. જ્યાં તમામ પ્રકારની વસ્તુઓ મળે છે. હેન્ડીક્રાફ્ટ સાથે જોડાયેલા કારોરાબારી માટે આ વિકલ્પ ખુબ સારા વિકલ્પ તરીકે છે. આના માટે આવા ઉદ્યોગસાહસિકોને તેમના આસપાસના શહેરોમાં લાગતા માર્કેટ અંગે માહિતી મેળવી લેવાની જરૂર હોય છે. રિસર્ચ કરવામાં આવ્યા બાદ તેઓ આ માર્કેટમાં પહોંચનાર લોકોની જરૂરિયાતની માગ મુજબ પ્રોડક્ટસ બનાવી શકે છે. આવા માર્કેટમાં વધારે માંગ ફેસન ડેકોર સાથે જોડાયેલી ચીજોની રહે છે. કેફે કમ આર્ટ ગેલેરી વાળી આ જગ્યાને પણ પ્રોડક્સ સેલ માટે વિકલ્પ તરીકે ઉપયોગ કરી શકાય છે. એક સ્થાયી અને અસ્થાયી કાઉન્ટર તેમજ એક કોન્ટ્રાકટની સાથે બિઝનેસને અહીં સ્ટાર્ટ કરવામાં આવી શકે છે. પ્રવાસી સ્થળની નજીક આની ખાસ બોલબાલા રહે છે. ખાસ કરીને રાજસ્થાની હેન્ડીક્રાફ્ટ મેકર માટે પ્રવાસી સ્થળ વધારે સાનુકુળ અને આદર્શ તરીકે રહે છે.પોપ અપ સ્ટાર પણ વિકલ્પ તરીકે છે. આ એવા સ્ટોર હોય છે જે સિઝન અથવા તો ફેસ્ટિવલ મુજબ કામ કરે છે. જો કે તેમની સંખ્યા ખુબ ઓછી હોય છે. આવી સ્થિતીમાં સ્ટોર સંચાલક સાથે તમે સંપર્ક કરી શકો છો. અહીં કમીશન કોન્ટ્રાક્ટ માટે તમે હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ વેચી શકો છો. સ્થાનિક અને દેશના જુદા જુદા હિસ્સામાં આયોજિત થનાર ફેસ્ટિવલ ફેયર અથવા તો શોપિંગ કાર્નિવલમાં જતા એવા સ્ટોર માલિકથી તમે સંપર્ક કરી શકો છો. આવી સ્થિતીમાં સેલમાં વધારો થઇ શકે છે. સરકારી ક્રાફ્ટ ફેયર ઉપરાંત આર્ટિજન સ્કુલ, કોલેજ અને સોશિલ કોમ્યુનિટી તરફથી લાગતા મેળામાં પણ પોતાની ચીજો રજુ કરી શકાય છે. આવા મેળા મારફતે સેલમાં વધારો થાય છે. આના માટે માર્કેટિંગનો રસ્તો પણ ખુલી જાય છે. કેટલાક લોકો કહે છે કે ચેરિટી ઈવેન્ટસનો ઉપયોગ પણ આવા પ્રોડક્ટસના વેચાણ માટે કરવામાં આવી શકે છે. આનો ઉપયોગ બિઝનેસ પ્લેટફોર્મ તરીકે કરવામાં આવી શકે છે. આ ઈવેન્ટસ સાંસ્કૃતિક, ધાર્મિક અને ફન ફેયર સાથે સંબંધિત હોય છે. હેન્ડીક્રાફ્ટ ચીજોની બોલબાલા ભારતમાં વધી રહી છે. હેન્ડીક્રાફ્ટ પ્રોડક્ટસ વેચાણ માટે ઓનલાઈન ઉપરાંત અન્ય કેટલાક વિકલ્પ પણ વેચાણ માટેના હોઈ શકે છે. આના પર ધ્યાન આપીને વેચાણને વધારી શકાય છે.

# વર્ષ દરમિયાન ૮.૮૬ લાખ કરોડ રૂપિયા સાઇબર સિક્યુરિટી પર દુનિયામાં ખર્ચ કરાયા

સાઈબર સિક્યુરિટી પર અબજો ડોલરનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં દુનિયા હૈકર્સનો તોડ શોધી કાઢવામાં સફળ રહી નથી. આ એવી સરકારો માટે ચેતવણી સમાન છે જે ગંભીર નથી અને આનો ઉકેલ શોધી કાઢવા માટે પ્રયાસ પણ કરી રહી નથી. હૈકર્સ પર અંકુશ મુકવા માટે અમેરિકા અને ભારત સહિતના દેશોમાં વિવિધ પગલા સતત લેવામાં આવી રહ્યા છે છતાં હાલત કફોડી બનેલી છે. સમગ્ર દુનિયાના દેશો વર્ષ ૨૦૨૨માં સાઈબર સિક્યુરિટી પર ૮.૮૬ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરી ચુકી છે. આનાથી પણ મોટી બાબત એ છે કે વર્ષ ૨૦૨૩માં સાઈબર સુરક્ષા ખર્ચનો આંકડો ૯.૫૫ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. અન્ય આંકડા દર્શાવે છે કે દરેક ૩૯ સેકન્ડમાં હૈકર્સ એક વેબસાઈટને હૈક કરી નાંખે છે. મેરીલેન્ડ યુનિવર્સિટીના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. ભારતની વાત કરવામાં આવે તો ગયા વર્ષમાં ભારતમાં સાઈબર સુરક્ષા પર ૧.૧૭ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ



ખર્ચ વધીને ૧.૩૧ લાખ કરોડ સુધી પહોંચી જવાનો અંદાજ છે. સાઈબર સુરક્ષામાં ખર્ચમાં ૧૨.૫ ટકા સુધીનો વધારો થઇ શકે છે. કેટલાક મામલામાં તો હૈકર્સ એટલી સંવેદનશીલ ચીજો હૈક કરી રહ્યા છે કે સંબંધિતોને હૈકર્સની માંગ પર પૈસા ચુકવી દેવાની ફરજ પડી રહી છે. સાઈબર સુરક્ષા ફર્મ રેક્સ સ્વાપક જેક વિલિયમ્સ કહે છે કે સાઈબર હુમલાનો સામનો કરવા માટે તૈયારીની જરૂર રહેલી છે. જો કે હૈકર્સ ખુબ ચાલાક અને હોશિયાર હોય છે. આ પ્રકારના હૈકર્સથી શહેરોને પોતાને સુરક્ષિત રાખવાની બાબત સરળ નથી. સુરક્ષાને અભેદ્ય રાખવાની બાબત સરળ નથી.

હાલમાં નવો મામલો સપાટી પર આવી ગયો છે જેના કારણે દુનિયા હલી ગઇ છે. નવો મામલો અમેરિકાના ફ્લોરિડાનો છે. એક નગરપાલિકા કર્મીના ખોટા મેલ ખોલવાની કિંમત ફ્લોરિડા સરકારને ચુકવવાની ફરજ પડી છે. જે હૈકર્સને છ લાખ ડોલર અથવા તો આશરે ચાર કરોડ ૧૭ લાખ રૂપિયા આપવાની ફરજ પડી છે. જો કે સ્થાનિક સરકારે ખંડણીની રકમને મંજુર કરતા પહેલા નવા કોમ્પ્યુટર હાર્ડવેયર અને અન્ય સિસ્ટમને અપગ્રેડ કરવા માટે આશરે સાત કરોડ રૂપિયા ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે. આ સંબંધમાં શહેરના પ્રવકતા એની બ્રાઉને કહ્યુ છે કે કોઇ ગેરંટી નથી કે ખંડણીની રકમ ચુકવી દેવામાં આવ્યા બાદ ફરી સાઇટ હૈક કરવામાં આવશે નહીં. તમામ જરૂરી રેકોર્ડ નાણાં ચુકવી દીધા બાદ મળી જશે તે બાબતની પણ કોઇ ગેરંટી દેખાઇ રહી નથી. કેટલાક અન્ય સુરક્ષા સલાહકાર હૈકર્સને નાણાં ચુકવી દેવાની બાબતને યોગ્ય માને છે.

હૈકર્સે સમગ્ર કોમ્પ્યુટર સિસ્ટમને વિકલાંગ બનાવી દીધી છે. હૈકર્સ દ્વારા આ રકમ ક્રિપ્ટો કરેન્સી બિટકોઇનમાં માંગી છે. જે સરળ રીતે ટ્રેસ કરવામાં આવતી નથી. નિષ્ણાંતોનુ કહેવુ છે કે ફ્લોરિડાનો દાખલો માત્ર એક દાખલો છે. કઇ રીતે નગરપાલિકાઓ સરળરીતે રેનસમવેયર હુમલાનો શિકાર થાય છે. મોટા યુનિટો અને રાજ્ય સરકારોની તુલનામાં સાઇબર હુમલા રોકવા માટે પ્રભાવી ઉપાય કરવામાં આવ્યા નથી. સાઈબર સુરક્ષા સેવા ઉપલબ્ધ કરાવનાર કંપની ફાયર આઇના નિષ્ણાંતોએ કહ્યુ છે કે નાગરિકોને સાઈબર સુરક્ષા મળે તે જરૂરી છે. હૈકર્સ દ્વારા એવા ડેટા અને સિસ્ટમને હૈક કરી લીધી હતી હાલના દિવસોમાં ભારતમાં પણ આ પ્રકારના સત્તાવાર મેલ આઇડી પર ખંડણીના આવા સંદેશા આવી રહ્યા છે. યુઝર્સ ક્યારેય તેની લાલચ અને સકંજામાં ન આવે તે જરૂરી છે. માર્ચ ૨૦૨૨માં અમેરિકાના એટલાન્ટામાં હૈકર્સ દ્વારા કોમ્પ્યુટરોને હૈક કરીને ૫૧ હજાર ડોલરની ખંડણીની માંગ કરી હતી. અહીંથી એવી ચર્ચા છેડાઇ ગઇ હતી કે શુ હૈકર્સને કોઇ ખંડણીની રકમ ચુકવવી જોઇએ. અહીં સાઈબર સુરક્ષા સાથે જોડાયેલા મોટા ભાગના લોકોનુ કહેવુ છે કે સાઈબર સુરક્ષા મોંઘી બની ગઇ છે. જેથીસરકારને આના પર કઠોર કાર્યવાહી અને કાયદા બનાવવાની જરૂર છે.ગયા વર્ષે રેનસમવેયરના ૧૪૯૩ હુમલા કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે અમેરિકી સરકારે બે ઈરાની નાગરિકોને એટલાન્ટા અને નેવાર્કમાં ૨૦૦થી વધારે રેનસમવેયર હુમલાના મામલામાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા.

આ હુમલા મારફતે હૈકર્સે ૬૦ લાખ ડોલરની ખંડણી વસુલી હતી. કોમ્પ્યુટર સિસ્ટમ ખરાબ હોવાના કારણે આશરે ત્રણ કરોડ ડોલરનુ નુકસાન થયુ છે. અમેરિકાની ગુપ્તચર સંસ્થાના કહેવા મુજબ વર્ષ ૨૦૨૨માં હજારો હુમલા થયા હતા. જેમાં આશરે ૩૬ લાખ ડોલરની ખંડણીની ચુકવણી કરવામાં આવી હતી.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# ઉત્તરાખંડના હર્ષિલમાં સેનાનો કેમ્પ પૂર અને કાટમાળની ઝપેટમાં

। ઉત્તરાખંડ, તા.૫ ।

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધરાલીમાં વાદળ ફાટવાથી નીચાણવાળા ગામોમાં અચાનક પૂર આવ્યું અને અનેક મકાનો દટાયા અને તણાઈ ગયા. આ કાટમાળ પૂરમાં હર્ષિલમાં સ્થિત સેનાનો કેમ્પ પણ આવી ગયો, જ્યારબાદ સેનાના ૮-૧૦ જવાન પણ ગુમ થયા છે. ઉત્તરકાશીના હર્ષિલ નજીક ધરાલી ગામ નજીક મંગળવાર ના રોજ વાદળ ફાટ્યા બાદ તબાહીના દ્રશ્યો જોવા મળ્યા.ભારતીય સેનાની સાથો સાથે ITBP, SDRF સહિત અલગ અલગ રાહત અને બચાવ ટીમો રેસ્ક્યૂ ઓપરેશનમાં લાગી ગઈ છે. આ વચ્ચે સમાચાર છે કે ભારતીય વાયુસેના પણ ધરાલીમાં રેસ્ક્યૂ ઓપરેશન માટે તૈયાર છે. જેવી રીતે વાદળ ફાટશે એવી જ રીતે ભારતીય વાયુસેનાના જવાન ચિનૂક MI-17, ચીતા અને ALH હેલિકોપ્ટર ધરાલી માટે રવાના થઈ જશે.ભારતીય વાયુસેનાના અધિકારીઓએ જણાવ્યું છે કે, વાયુ સેનાના જવાન અને હેલિકોપ્ટર જરૂરિયાતનો સામાન અને ઉપકરણોની સાથે ધરાલી રવાના થવા માટે તૈયાર છે. હવામાન સાફ થતાં જ તેઓ ચંડીગઢ એરબેઝથી ઉત્તરાખંડ માટે રવાના થઈ જશે.

આ ભયંકર સંકટની ગંભીરતાને જોતા ડોક્ટરોની એક વિશેષ ટીમને તાત્કાલિક ધરાલી વિસ્તાર માટે રવાના કરવાના નિર્દેશ અપાયા છે. આ ટીમમાં સર્જન, એનેસ્થેટિક, ફિઝિશીયન અને ઓથોપેડિક સર્જન સામેલ છે.

## નદીઓના જળસ્તરમાં વધારો, તંત્ર એલર્ટ પર

# હિમાચલ પર ફરી આફત : ભારે વરસાદ-ભૂસ્ખલનથી ૪ હાઈવે-૪૪૯ રસ્તા બંધ । ૧૧ ઓગસ્ટ સુધી યલ્લો એલર્ટ

**ભારે વરસાદ અને ભૂસ્ખનની વિવિધ ઘટનાઓના કારણે રાજ્યમાં કુલ ૧૯૯૨ મકાનોને નુકસાન થયું છે । જેમાંથી ૪૬૪ ઘરો સંપૂર્ણ ધરાશાઈ થઈ ગયા । રાજ્ય સરકારના આંકલન મુજબ રાજ્યમાં કુલ ૧૭૫૩ કરોડ રૂપિયાનું નુકસાન**

। નવીદિલ્હી, તા.૫ ।

હિમાચલ પ્રદેશ ફરી વરસાદી આફત અને ભૂસ્ખલનની ઘટનાઓનો સામનો કરી રહ્યો છે. અહીં સતત બે દિવસથી મૂશળધાર વરસાદ વચ્ચે ભૂસ્ખનની ઘટના બની છે, જેના કારણે ચાર નેસનલ હાઈવે અને ૪૪૯ રસ્તાઓ બંધ થઈ જતા અનેક લોકો ફસાયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઉપરાંત હવામાન વિભાગે રાજ્ય માટે ૧૧ ઓગસ્ટ સુધી વરસાદનું એલર્ટ જાહેર કર્યુ છે.હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યા બાદ રાજ્યમાં બે દિવસથી મૂશળધાર વરસાદ પડતા સૌથી વધુ મંડી સહિત અનેક જિલ્લાના લોકોને પરેશાનીનો સામનો કરી રહ્યા છે. અહીં અનેક નદીઓના જળસ્તરમાં વધારો થયો છે, જેના કારણે તંત્ર લોકોને સાવધાન રહેવાની અને આદેશનું પાલન કરવાની અપીલ કરી રહ્યા છે. ભારે વરસાદના પગલે રાજ્યમાં અનેક સ્કૂલો



અને દુકાનો બંધ છે. વરસાદના કારણે કોલ ડેમનું જળસ્તર વધ્યું છે, જોકે ડેમ તંત્રએ વધારાનું પાણી છોડવાની પણ તૈયારી દર્શાવી છે. વ્યાસ નદીના જળસ્તરમાં પણ વધારો થયો છે, જેના કારણે પંડોહ ડેમના દરવાજામાંથી વધારાનું પાણી છોડવાની પણ તૈયારી શરૂ કરી દેવાઈ છે. વરસાદની સૌથી વધુ અસર ફરી મંડી જિલ્લામાં થઈ છે અને અહીંનું સરાજ વિસ્તાર જળબંબાકાર થઈ ગયું છે.

હવામાન વિભાગે ૬થી ૧૧ ઓગસ્ટ દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં સતત ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. બીજીતરફ ભરમૌરના બલોઠ પંચાયતમાં ભૂસ્ખલન થવાની ઘટના બની છે, જેના કારણે એક ડઝનથી વધુ ગામોનો સંપર્ક તૂટી ગયો છે. રાજધાની શિમલામાં પણ બે દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે, જેના કારણે અહીંનું જનજીવન પ્રભાવિત થયું છે.

રાજ્યના ઈમરજન્સી કેન્દ્રના જણાવ્યા મુજબ, ભારે વરસાદ અને ભૂસ્ખનના કારણે મંગળવારે સવારે ચાર નેશનલ હાઈવે અને ૪૪૯ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. સૌથી વધુ મંડીમાં ત્રણ નેશનલ હાઈવે બંધ કરાયા છે. મંડીના ૬૫૬ સહિત રાજ્યમાં ૭૮૩ ટ્રાન્સફોર્મર બંધ થઈ ગયા છે. વરસાદી કહેરના કારણે અત્યાર સુધીમાં ભારે જાનમાલને નુકસાન થયું છે. રિપોર્ટ મુજબ, રાજ્યમાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૨ લોકોના મોત થયા છે, જેમાંથી સૌથી વધુ મંડીમાં ૪૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ભારે વરસાદ અને ભૂસ્ખનની વિવિધ ઘટનાઓના કારણે રાજ્યમાં કુલ ૧૯૯૨ મકાનોને નુકસાન થયું છે.

## અમેરિકાના ઉત્તરી એરિઝોનામાં વિમાન દુર્ઘટના, વિમાન દુર્ઘટનામાં ૪ લોકોના મોત

। મેક્સિકો,તા.૬ ।

અમેરિકામાં ફરી એકવાર વિમાન દુર્ઘટના બની છે. ઉત્તરી એરિઝોનામાં એક મેડિકલ ટ્રાન્સપોર્ટ પ્લેન ક્રેશ થયું છે. અકસ્માત બાદ, વિમાનમાં આગ લાગી, જેમાં ચાર લોકોના મોત થયા. ન્યૂ મેક્સિકોના અલ્બુકર્કમાં ઝર્જૈ એવિએશન કંપનીની માલિકીનું વિમાન ફ્લેગસ્ટાફથી લગભગ ૨૦૦ માઈલ (૩૨૧ કિલોમીટર) ઉત્તરપૂર્વમાં ચિનલે એરપોર્ટ નજીક ક્રેશ થયું. વિમાનમાં સવાર લોકો તબીબી કર્મચારીઓ હતા જેઓ એક દર્દીને લેવા માટે હોસ્પિટલ જઈ રહ્યા હતા.ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે બીચક્રાફ્ટ ૩૦૦ બપોરે એરપોર્ટ પર ઉતરાણ કરતી વખતે ક્રેશ થયું હતું. નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને હ્લછછ તેની તપાસ કરી રહ્યા છે. અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.નાવાજો ટ્રાઈબના અધ્યક્ષ બૂ નાયગ્રેને સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે અકસ્માત વિશે જાણીને તેમને ખૂબ જ આઘાત લાગ્યો છે. તેમણે કહ્યું હતું કે, 'આ એવા લોકો હતા જેમણે બીજાઓને બચાવવા માટે પોતાનો જીવ સમર્પિત કર્યો હતો. નુકસાનની લાગણી ખૂબ જ સારી રીતે અનુભવાઈ રહી છે.' જિલ્લા પોલીસ કમાન્ડર એમ્મેટ યાઝીએ કહ્યું હતું કે, "તેઓ ત્યાં ઉતરાણ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને કમનસીબે કંઈક ખોટું થયું હતું."

## દિલ્હીમાં મહિલા સાંસદની ચેઈન છીનવનાર આરોપીની ધરપકડ કરવામાં આવી

। નવીદિલ્હી, તા.૬ ।

તાજેતરમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના ચાણક્યપુરીમાં એક ખૂબ જ ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોમવારે સવારે તમિલનાડુના કોંગ્રેસના સાંસદ આર. સુધાની સોનાની ચેઈન છીનવી લેવામાં આવી હતી. આ ઘટના ત્યારે બની જ્યારે સાંસદ મોર્નિંગ વોક માટે બહાર નીકળ્યા હતા. આ ઘટના સવારે છ વાગ્યે પોલેન્ડના દૂતાવાસ પાસે સાંસદ સુધા સાથે બની હતી. આ ઘટનામાં સાંસદ સુધા પણ ઘાયલ થયા હતા. હવે તમિલનાડુના મહિલા સાંસદની ચેઈન છીનવનાર આરોપી દિલ્હી પોલીસે પકડી લીધો છે.નવી દિલ્હી જિલ્લા પોલીસ અને દક્ષિણ દિલ્હી જિલ્લા પોલીસના સંયુક્ત ઓપરેશનમાં આરોપીને પકડી લેવામાં આવ્યો છે. સેંકડો સીસીટીવી કેમેરાના ફૂટેજ જોયા બાદ, પોલીસે આખો રસ્તો જોયો. સ્થાનિક ગુપ્ત માહિતી એકત્રિત કરી અને ટેકનિકલ દેખરેખ દ્વારા આરોપીની પ્રવૃત્તિઓ અને ઓળખ શોધી કાઢી. આ પછી આરોપીને પકડી લેવામાં આવ્યો. મહિલા સાંસદની ચેઈન છીનવનાર આરોપી દિલ્હીના ઓખલાનો રહેવાસી છે. પોલીસે કહ્યું છે કે આરોપીની ઓળખ સોહન રાવત ઉર્ફે સોનુ ઉર્ફે બુગ્ગુ તરીકે થઈ છે. આરોપી અગાઉ ૨૬ ઘટનાઓમાં સંડોવાયેલો છે અને તાજેતરમાં જૂન મહિનામાં જેલમાંથી મુક્ત થયો છે.

## મધ્યપ્રદેશના જબલપુરમાં

# ૧૦૦ હેક્ટર વિસ્તારમાં લાખો ટન સોનાનો ભંડાર હોવાનો ઘટસ્ફોટ

**જીએસઆઇની ટીમ દ્વારા આ વિસ્તારમાં લીધેલા સેમ્પલનો કેમિકલ ટેસ્ટ કરાયો હતો, જેમાં સોનું, કોપર, અન્ય મૂલ્યવાન મિનરલ્સના અંશો મળ્યા હતા । તાજેતરના વર્ષોમાં મધ્ય ભારતમાં આ સૌથી મહત્વપૂર્ણ મિનરલ શોધ માનવામાં આવે છે**

। જબલપુર, તા.૬ ।

મધ્ય પ્રદેશના જબલપુરમાં આશરે ૧૦૦ હેક્ટરમાં સોનાનો ભંડાર હોવાનું સામે આવ્યું છે. નિષ્ણાતો માની રહ્યા છે કે આ વિસ્તારમાં લાખો ટન સોનું મળી શકે છે. નિષ્ણાતોની ટીમ દ્વારા આ વિસ્તારની જમીનના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેના રિપોર્ટમાં સામે આવ્યું છે કે આ વિસ્તારમાં ન માત્ર સોનું સાથે જ તાંબુ અને અન્ય મૂલ્યવાન ધાતુ પણ હશે.

જિયોલોજિકલ સરવે ઓફ ઈન્ડિયા જીએસઆઈની ટીમ દ્વારા આ વિસ્તારમાં લીધેલા સેમ્પલનો કેમિકલ ટેસ્ટ કરાયો હતો, જેમાં સોનું, કોપર, અન્ય મૂલ્યવાન મિનરલ્સના અંશો મળ્યા હતા. તાજેતરના વર્ષોમાં મધ્ય ભારતમાં આ સૌથી મહત્વપૂર્ણ મિનરલ શોધ માનવામાં આવે છે. જોકે એવુ નથી કે મધ્ય પ્રદેશમાંથી



પ્રથમ વખત સોનું મળ્યું હોય. થોડા વર્ષો પહેલા પાડોશી જિલ્લા કટનીમાં પણ સોનાનો ભંડાર મળી આવ્યો હતો. જબલપુર અને કટની બન્ને જિલ્લાઓમાં ધાતુના ભંડાર માટે જાણિતા છે. અહીંની ધાતુને માત્ર ભારતના અન્ય રાજ્યો જ નહીં ચીન અને અન્ય દેશો સુધી પણ પહોંચાડવામાં આવે છે. અહીંના નાની મોટી મળી કુલ ૪૨ જેટલી ખાણ આવેલી છે. જ્યાં અવાર નવાર ખોદકામ થતું રહે છે. જબલપુરમાં જ્યાં સોનું હોવાની શક્યતાઓ છે ત્યાં હાલ ખોદકામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

૧૦૦ હેક્ટરના વિસ્તારમાં સોનું હોવાનું અનુમાન જો સાચુ ઠરે તો માત્ર જબલપુર જ નહીં મધ્ય પ્રદેશનો વિકાસ પણ વધશે.

મધ્ય પ્રદેશના જબલપુરમાં આશરે ૧૦૦ હેક્ટરમાં સોનાનો ભંડાર હોવાનું સામે આવ્યું છે. નિષ્ણાતો માની રહ્યા છે કે આ વિસ્તારમાં લાખો ટન સોનું મળી શકે છે. નિષ્ણાતોની ટીમ દ્વારા આ વિસ્તારની જમીનના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જેના રિપોર્ટમાં સામે આવ્યું છે કે આ વિસ્તારમાં ન માત્ર સોનું સાથે જ તાંબુ અને અન્ય મૂલ્યવાન ધાતુ પણ હશે.

જિયોલોજિકલ સરવે ઓફ ઈન્ડિયા જીએસઆઈની ટીમ દ્વારા આ વિસ્તારમાં લીધેલા સેમ્પલનો કેમિકલ ટેસ્ટ કરાયો હતો, જેમાં સોનું, કોપર, અન્ય મૂલ્યવાન મિનરલ્સના અંશો મળ્યા હતા. તાજેતરના વર્ષોમાં મધ્ય ભારતમાં આ સૌથી મહત્વપૂર્ણ મિનરલ શોધ માનવામાં આવે છે. જોકે એવુ નથી કે મધ્ય પ્રદેશમાંથી પ્રથમ વખત સોનું મળ્યું હોય.

## માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને મોટી રાહત

## કોંગ્રેસના વરિષ્ઠ નેતાને ઝારખંડની ચાઇબાસા કોર્ટે જામીન આપ્યા

। નવીદિલ્હી, તા.૬ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને માનહાનિ કેસમાં બુધવારે જામીન મળ્યા. ઝારખંડના ચાઈબાસાની એમપી-એમએલએ કોર્ટે આ જામીન આપ્યા હતા. મામલો ભાજપ નેતા પ્રતાપ કટિહાર દ્વારા દાખલ કરાયેલા માનહાનિના કેસ સંબંધિત હતો. આ વિવાદની શરુઆત રાહુલ ગાંધીના ૨૮ માર્ચ ૨૦૧૮માં કોંગ્રેસ અધિવેશનમાં આપેલા એક નિવેદનથી થઈ હતી. જેમાં રાહુલ ગાંધીએ ભાજપના તત્કાલીન પ્રમુખ અમિત શાહ અંગે વિવાદિત ટિપ્પણી કરી હતી. ત્યારે આ મામલે ૯ જુલાઈ ૨૦૧૮ના રોજ પ્રતાપ કટિહારે ચાઈબાસા સીજેએમ કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ મામલે અનેક વખત સમન્સ મોકલાયા હતા પણ રાહુલ ગાંધી કોર્ટમાં હાજર થયા ન હતા. છેવટે ૨૬ જૂને કોર્ટે તેમને હાજર કરવા માટે બિન જામીનપાત્ર વૉરન્ટ ઈશ્યૂ કર્યો હતો. રાહુલ ગાંધીએ તેની સામે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ કેસ અગાઉ ચાઈબાસા સીજેએમ કોર્ટમાંથી રાંચીમાં આવેલી એમપી-એમએલએ સ્પેશિયલ કોર્ટમાં ટ્રાન્સફર કરાયો હતો પણ પછીથી જ્યારે ચાઈબાસામાં એમપી-એમએલ સ્પેશિયલ કોર્ટની રચના થઈ તો ફરીવાર કેસ ચાઈબાસા શિફ્ટ કરાયો હતો. ૨૦૧૮માં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભાજપના કેન્દ્રીય નેતૃત્વ પર આરોપ લગાવ્યો હતો કે ભાજપમાં કોઈપણ ખૂની કેન્દ્રીય અધ્યક્ષ બની શકે છે. આ નિવેદન સામે ચાઈબાસામાં પ્રતાપ કટિહાર દ્વારા કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે, કોર્ટે તેમની જામીન અરજી સ્વીકારી અને કેસમાં આગળની કાર્યવાહીનો આદેશ આપ્યો. બંને પક્ષો વતી કોર્ટમાં કઈ જુબાની રજૂ કરવામાં આવશે. આ પછી જે પણ નિર્ણય લેવામાં આવશે તે સંપૂર્ણપણે કોર્ટ પર નિર્ભર છે.કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને માનહાનિ કેસમાં બુધવારે જામીન મળ્યા. ઝારખંડના ચાઈબાસાની એમપી-એમએલએ કોર્ટે આ જામીન આપ્યા હતા. મામલો ભાજપ નેતા પ્રતાપ કટિહાર દ્વારા દાખલ કરાયેલા માનહાનિના કેસ સંબંધિત હતો.

## ન્યૂઝ બ્રિફ



### ટ્રમ્પની ધમકીઓ વચ્ચે ભારત સરકારના મોટા અધિકારી રશિયા પહોંચ્યા

। નવીદિલ્હી, તા.૬ ।

રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત સામે ભારે ટેરિફ લાદવાની ટ્રમ્પની ધમકીઓ વચ્ચે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ મોસ્કો પહોંચ્યા છે. આ સમય દરમિયાન અજિત ડોભાલ રશિયન સરકારના વરિષ્ઠ રણનીતિકારોને મળશે. અજિત ડોભાલ પ્રમુખ પુતિનને પણ મળી શકે છે.હાલમાં અમેરિકન પ્રમુખ ટ્રમ્પ ભારત દ્વારા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર ગુસ્સે છે. તેમણે એક સાથે બે ધમકીઓ આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે ભારત મોસ્કો પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદીને રશિયાના યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડી રહ્યું છે. તેથી, ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનું બંધ કરવું જોઈએ. નહીં તો, અમેરિકા ભારત પર ભારે ટેરિફ લાદશે.આ સાથે, ટ્રમ્પે રશિયાને યુક્રેન યુદ્ધમાં ટૂંક સમયમાં યુદ્ધવિરામ જાહેર કરવા પણ કહ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે જો રશિયા યુદ્ધવિરામ નહીં કરે તો અમેરિકા કડક પ્રતિબંધો લાદશે. અજિત ડોભાલની રશિયાની મુલાકાત આવા તણાવપૂર્ણ વાતાવરણમાં થઈ રહી છે. જોકે તેમની મુલાકાત પૂર્વનિર્ધારિત હતી. પરંતુ વર્તમાન વાતાવરણે આ મુલાકાતને વધુ મહત્વપૂર્ણ બનાવી દીધી છે.રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, અજિત ડોભાલ રશિયન નેતાઓ સાથે વ્યૂહાત્મક ભાગીદારી અને પરસ્પર સંબંધો સુધારવા અંગે ચર્ચા કરશે. અજિત ડોભાલની રશિયા મુલાકાત અમેરિકા અને ભારત વચ્ચે ખૂબ જ નાજુક સ્થિતિ વચ્ચે યોજાઈ રહી છે. રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, આ એક પૂર્વનિર્ધારિત મુલાકાત છે.

### બળાત્કારી ગુરમીતને ૪૦ દિવસના પેરોલ : ચાર વર્ષમાં ૧૪ વખત છૂટયો

। રોહતક, તા.૬ ।

બળાત્કાર અને હત્યાના દોષિત ગુરમીત રામ રહીમને ફરી એક વખત પેરોલ પર છોડવામાં આવ્યો છે. ગુરમીત રામ રહીમ ૧૪મી વખત પેરોલ પર જેલમાંથી બહાર આવ્યો છે. તેને ૪૦ દિવસના પેરોલ મળ્યા છે. તે જેલમાંથી છૂટતા જ સિરસા ડેરા પર જવા માટે રવાના થઇ ગયો હતો. ૧૫મી ઓગસ્ટે ગુરમીતનો જન્મ દિવસ પણ છે જેની હવે તે ઉજવણી કરશે.બે સાધ્વીઓ પર બળાત્કાર કરવા બદલ ગુરમીત રામ રહીમને વર્ષ ૨૦૧૭માં ૨૦ વર્ષની કેદની સજા થઇ હતી. જ્યારે પત્રકાર રામ ચંદ્ર છત્રપતિની હત્યાના મામલામાં પણ તેને દોષી ઠેરવવામાં આવ્યો હતો. ૨૦૦૨માં મેનેજર રંજીતસિંહની હત્યાના કેસમાં પણ દોષિત ઠેરવાયો હતો. હત્યા અને બળાત્કારના કેસમાં દોષિત ગુરમીતને વારંવાર પેરોલ પર જેલમાંથી છોડવામાં આવી રહ્યો છે જેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. ગુરમીત જેલમાં ગયો તે બાદથી અત્યાર સુધી તેને ૧૪ વખત પેરોલ મળી ચુક્યા છે. હરિયાણામાં મોટી વોટબેન્ક ધરાવતો ગુરમીત વારંવાર પેરોલ મેળવી લેવામાં કેમ સફળ રહે છે તેને લઈને સવાલો ઉઠી રહ્યા છે.

## શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સ અકાલ તખ્ત ખાતે હાજર થયા । ગુરુદ્વારામાં યુગલોને સાફ કરશે

। અમૃતસર, તા.૬ ।

પંજાબના શિક્ષણ મંત્રી હરજોત સિંહ બેન્સ આજે સવારે શીખોની સર્વોચ્ચ ધાર્મિક સંસ્થા શ્રી અકાલ તખ્ત સાહિબ સમક્ષ હાજર થયા અને શ્રીનગરમાં આયોજિત ગુરુ તેગ બહાદુરજીના ૩૫૦મા શહીદ દિવસના વિવાદાસ્પદ કાર્યક્રમ અંગે સ્પષ્ટતા આપી. આ કાર્યક્રમમાં નૃત્ય અને ગીતોના આયોજનથી શીખ સમુદાયની લાગણીઓ ઠેસ પહોંચી હતી, જેના કારણે અકાલ તખ્તના કાર્યકારી જથેદાર જ્ઞાની કુલદીપ સિંહ ગડગજે તેમને સમન્સ પાઠવ્યા હતા. હરજોત સિંહ બેન્સને અકાલ તખ્ત દ્વારા ધાર્મિક સજા આપવામાં આવી છે.

## ગુજરાત બોર્ડ દ્વારા ધો ૯થી ૧૨માં ગુજરાતી-ઉર્દૂના ચાર પુસ્તકમાં ભગવદ્ ગીતાના પાઠ ઉમેરાયા

। નવીદિલ્હી, તા.૬ ।

ગુજરાત બોર્ડ દ્વારા ધો. ૯થી ૧૨માં કેટલાક વિષયોના પ્રશ્નપત્રના પરિરૂપ બદલવામાં આવ્યા છે અને નવા પરિરૂપ જાહેર કરાયા છે. કારણ કે, સરકારના ઠરાવ મુજબ, ધો. ૯થી ૧૨માં પ્રથમ ભાષાના પુસ્તકોમાં શ્રીમદ ભગવદ્ ગીતાના બે-બે પાઠ ઉમેરવામાં આવ્યા છે. ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દુ સહિતના ચાર પ્રથમ ભાષા વિષયોમાં આ પાઠ ઉમેરવામાં આવતાં આ ચારેય વિષયના પરિરૂપ બદલાયા છે. જેથી હવે આ ચારેય ભાષાના વિષયોમાં આ વર્ષથી પ્રથમ અને દ્વિતિય સત્રની પરીક્ષામાં અને બોર્ડ પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓને ગીતાના પાઠમાંથી પ્રશ્નો પૂછવામાં આવશે.ગુજરાત સરકાર દ્વારા સ્કૂલોમાં ભગવદ્ ગીતાના પાઠ વિદ્યાર્થીઓને ભણાવવા બાબતે ઠરાવ કરવામાં આવ્યો હતો, જેને પગલે પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતાના શ્લોકો સાથેના પાઠ ભણાવવાનું શરુ કરાયું છે. ગત વર્ષે ધો. ૯થી ૧૨માં ગુજરાતી પ્રથમ ભાષાના પુસ્તકમાં બે ચેપ્ટરના વધારા સાથે નવું પુસ્તક તૈયાર થઈ ગયું હતું. આ પુસ્તકને ગુજરાતીમાં પાછલા વર્ષથી જ ભણાવવાનું શરુ કરી દેવાયું હતું. જોકે, બાકીની ભાષામાં પુસ્તક તૈયાર ન હોવાથી ગુજરાતીમાં પરીક્ષામાં ગીતાના પાઠના પ્રશ્નો પૂછવામાં આવતા ન હતા.પરંતુ, હવે પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા ધો. ૯થી ૧૨માં ગુજરાતી ઉપરાંત ઉર્દુ, હિન્દી અને અંગ્રેજી એમ બાકીના ત્રણેય પ્રથમ ભાષાના પુસ્તકોમાં ગીતાના શ્લોકો સાથેના પાઠનું અનુવાદ તૈયાર કરી દેવાયું છે.

**પીએમએલએ હેઠળ નિવેદન રેકોર્ડ કરાયું** | **રૂ. ૧૭૦૦૦ કરોડની બેંક લોન છેતરપિંડી કેસમાં ઇડીએ ૧૦ કલાક પૂછપરછ કરી**

# અનિલ અંબાણી બેંક લોન છેતરપિંડી કેસમાં ઇડી સમક્ષ હાજર થયા

। નવીદિલ્હી, તા.૬ ।

અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ વિરુદ્ધના ૧૭૦૦૦ કરોડ રૂપિયાના બેંક લોન છેતરપિંડી કેસો સાથે સંકળાયેલ મની લોન્ડરિંગ કેસના સંબધમાં પૂછપરછ માટે રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી આજે એન્ફોર્સ ડિરેક્ટોરેટ સામે હાજર થયા હતાં.અનિલ અંબાણી મધ્ય દિલ્હીમાં આવેલ સેન્ટ્રલ તપાસ એજન્સીની ઓફિસમાં સવારે ૧૦.૫૦ વાગ્યે ઈલેક્ટ્રિક કારથી પહોંચ્યા હતાં.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ૬૬ વર્ષીય ઉદ્યોગપતિનું નિવેદન રેકોર્ડ કરવામાં આવ્યું હતું.




ઉલ્લેખનીય છે કે ઈડીએ આ અગાઉ ૨૪ જુલાઈના રોજ મુંબઈમાં અનિલ અંબાણીના બિઝનેસ ગ્રુપના એક્ઝિક્યુટીવ્સ સહિતના ૨૫ લોકો અને ૫૦ કંપનીઓના ૩૫ પરિસરોમાં દરોડા પાડયા હતાં.

ઈડીએ બેંક લોન છેતરપિંડીના મોટા કેસોની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર અનુસાર અનિલ અંબાણી વિરુદ્ધ લૂક આઉટ સર્ક્યુલર (એલઓસી) નોટીસ જારી કરી હતી. તપાસના ભાગરૂપે તેમના ગ્રુપના કેટલાક એક્ઝિક્યુટીવ્સને પણ પૂછપરછ માટે સમન્સ પાઠવવામાં આવ્યા હતાં.

આ ઘટનાક્રમ સાથે સંકળાયેલા એક કેસમાં ઈડીએ તાજેતરમાં ઓડિશા સ્થિત કંપનીના એમડી પાર્થ સારથી બિસવાલની ધરપકડ કરી હતી. તેમણે અનિલ અંબાણી ગ્રુપ કંપનીને ૬૮ કરોડ રૂપિયાની નકલી બેંક ગેરંટી આપી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર અનિલ અંબાણી અને બિસવાલને સાથે રાખી પૂછપરછ કરવામાં આવી શકે છે.

અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ વિરુદ્ધના ૧૭૦૦૦ કરોડ રૂપિયાના બેંક લોન છેતરપિંડી કેસો સાથે સંકળાયેલ મની લોન્ડરિંગ કેસના સંબધમાં પૂછપરછ માટે રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણી આજે એન્ફોર્સ ડિરેક્ટોરેટ સામે હાજર થયા હતાં.અનિલ અંબાણી મધ્ય દિલ્હીમાં આવેલ સેન્ટ્રલ તપાસ એજન્સીની ઓફિસમાં સવારે ૧૦.૫૦ વાગ્યે ઈલેક્ટ્રિક કારથી પહોંચ્યા હતાં. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ૬૬ વર્ષીય ઉદ્યોગપતિનું નિવેદન રેકોર્ડ કરવામાં આવ્યું હતું.

# પાકિસ્તાન સામે નવું સંકટ । સિંધુ ડેલ્ટાનું પાણી સૂકાતા ૪૦ ગામ ઉજ્જડ બન્યાં





નવી દિલ્હી : ભારતના પડોશી દેશ પાકિસ્તાન હાલ કુદરતી આફતોનો સામનો કરી રહ્યું છે, ભૂકંપ, અતિવૃષ્ટિ, પૂરના કારણે જનજીવન ખોરવાયુ છે. પાકિસ્તાનના દક્ષિણ ભાગમાં સિંધુ ડેલ્ટા નદી વિસ્તાર દરિયામાં ડૂબી રહ્યો છે. જેના લીધે ત્યાંના ૪૦ ગામડાંઓ ઉજ્જડ થયા છે. લોકો પલાયન કરી રહ્યા છે. સિંધુ ડેલ્ટા પ્રદેશમાં એક સ્થાયી સભ્યતાનો નાશ થયો છે. વાસ્તવમાં સિંધ પ્રાંતના દક્ષિણ છેડે અરબી સમુદ્રને અડીને આવેલા સિંધુ ડેલ્ટા પ્રદેશમાં સ્થિત લોકો પરંપરાગત રીતે ખેતી અને માછીમારી કરતા હતા, પરંતુ તાજેતરના વર્ષોમાં, દરિયાની જળ સપાટી વધી રહી હોવાથી નદીના પાણી ખારા થયા છે. જેથી ગામમાં તબાહી મચી છે.આ ગામોમાંથી લગભગ ૧૨ લાખ લોકો સ્થળાંતર કરી ચૂક્યા છે. તેમાંથી મોટાભાગના કરાચીમાં સ્થાયી થયા છે. તાજેતરમાં કરાચીમાં પલાયન કરનારા હબીબુલ્લાહ ખટ્ટી પોતાના પૈતૃક ગામ મીરબહારમાં માતાની કબર પર અંતિમ વિદાય આપવા આવ્યા હતા. કારણ કે તેમનું ગામ હવે સમુદ્રમાં ડૂબી રહ્યું છે. જ્યાં તેમની માતાની કબર છે, ત્યાં હવે દરિયાઈ મીઠાનું સામ્રાજ્ય છે. જ્યારે તે તેમની માતાની કબર પર પહોંચ્યા, ત્યાં અડધા-અડધ પગ મીઠાના ઢગલાંમાં ખૂંપી ગયા હતા. આ ગામ સિંધુ ડેલ્ટાથી લગભગ ૧૫ કિલોમીટર દૂર છે, જ્યાં સિંધુ નદી અરબી સમુદ્રને મળે છે.હબીબુલ્લાહના જણાવ્યા મુજબ, ખારો ચાનમાં પહેલાં ૪૦ ગામ હતા, પરંતુ દરિયાઈ જળ વિસ્તાર વધતાં તેમાંથી મોટાભાગના ગામો લુપ્ત થઈ ગયા છે.

## આલિયા -રણબીરનો હવે ટૂંક સમયમાં નવા ઘરમાં ગૃહપ્રવેશ



। મુંબઈ, તા.૬ ।

રણબીર કપૂર અને આલિયા ભટ્ટનો નવો બંગલો લગભગ તૈયાર થઈ ચૂક્યો છે અને હવે તેઓ કોઈપણ દિવસે ગૃહ પ્રવેશ વિધિ કરીને નવાં ઘરમાં શિફ્ટ થાય તેવી સંભાવના છે. મુંબઈના બાંદરા વિસ્તારમાં બનાવાયેલા આ બંગલાને રણબીરનાં દાદી કૃષ્ણા કપૂરના નામ પરથી 'કૃષ્ણારાજ' નામ અપાયું છે. આ બંગલા માટે આશરે ૨૫૦ કરોડનો ખર્ચો કરાયો હોવાનું કહેવાય છે. છેલ્લા કેટલાક સમયથી બંગલાને આખરી ઓપ અપાઈ રહ્યો હતો. તે માટે આલિયા ભટ્ટના આ બંગલા ખાતે આંટાફેરા વધી ગયા હતા. હજુ ગયા બુધવારે પણ આલિયા તથા નીતુ સિંહ બંને આ બંગલામાં ફાઈનલ ચેક માટે આવ્યાં હતાં. આલિયા અને રણબીરના પરિવારે ગૃહ પ્રવેશ સમારોહ માટે તૈયારીઓ શરુ કરી દીધી છે. બંગલામાં લેટેસ્ટ લક્ઝરી ઈન્ટિરિયર કરાયું છે. બંગલામાં રણબીર અને આલિયા પોતાનો ઓફિસ સ્પેસ પણ રાખશે અને ફુરસદના સમયમાં મનપસંદ એક્ટિવિટી માટે પણ પર્યાપ્ત સ્પેસ અપાયો છે.બંગલામાં નીતુ કપૂર ઉપરાંત રિદ્ધિમા કપૂર માટે એક આખો ફ્લોર ફાળવવામાં આવ્યો હોવાનું કહેવાય છે. રણબીર કપૂર અને આલિયા ભટ્ટનો નવો બંગલો લગભગ તૈયાર થઈ ચૂક્યો છે.

### છેલ્લાં ૨૪ કલાકમાં ૮ લોકો ભૂખ અથવા કુપોષણથી મોતને ભેટ્યા

## ભૂખમરાં-કુપોષણથી વધુ ૮ના મોત । વિરોધ વચ્ચે નેતન્યાહૂ હવે ગાઝા પર કબજો કરવાના મૂડમાં

**ઈઝરાયલ પ્રમુખના કાર્યાલયે એક નિવેદનમાં કહ્યું કે, નેતન્યાહૂએ લગભગ ત્રણ કલાક સુધી એક સીમિત સુરક્ષા ચર્ચા કરી । તેમાં સેનાના પ્રમુખ ઈયાલ ઝમીરે ગાઝામાં ઓપરેશન શરૂ રાખવાનો વિકલ્પ રજૂ કર્યો**

। હમાસ, તા.૬ ।

ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂએ ગાઝામાં ૨૨ મહિનાથી ચાલી રહેલા યુદ્ધ માટે એક વ્યૂહનીતિને અંતિમ રૂપ આપવાના હેતુથી વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓની મુલાકાત લીધી હતી. મળતી માહિતી મુજબ, નેતન્યાહૂએ ગાઝા પટ્ટી પર પૂર્ણ સૈન્ય કબ્જો કરવાનું સમર્થન કર્યું છે. કબ્જે કરવામાં આવેલા પેલેસ્ટાઈન વિસ્તારમાં ભૂખ અને ભયાનક સ્થિતિને સમાપ્ત કરવા યુદ્ધવિરામ માટે આંતરરાષ્ટ્રીય દબાણ છતા ઈઝરાયલ અને પેલેસ્ટાઈનના આતંકવાદી સમૂહ હમાસ વચ્ચે યુદ્ધવિરામની મધ્યસ્થતાનો પ્રયાસ નિષ્ફળ ગયો છે.ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, છેલ્લાં ૨૪ કલાકમાં બીજા ૮ લોકો કુપોષણથી મોતને ભેટ્યા છે. જોકે, ૭૯ અને લોકોએ તાજેતરના ઈઝરાયલ ગોળીબારમાં પોતાનો જીવ ગુમાવ્યો છે.

ઈઝરાયલ પ્રમુખના કાર્યાલયે એક નિવેદનમાં કહ્યું કે, નેતન્યાહૂએ લગભગ ત્રણ કલાક સુધી એક સીમિત સુરક્ષા ચર્ચા કરી. તેમાં સેનાના પ્રમુખ ઈયાલ ઝમીરે ગાઝામાં ઓપરેશન શરૂ રાખવાનો વિકલ્પ રજૂ કર્યો છે.



એક ઈઝરાયલી અધિકારીએ પહેલાં જણાવ્યું હતું કે, સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાટ્ઝ અને વ્યૂહનૈતિક મામલાના મંત્રી તેમજ વિશ્વાસપાત્ર રાન ડર્મર પણ આ બેઠકમાં સામેલ થશે. આ અઠવાડિયે કેબિનેટમાં રજૂ થતી વ્યૂહનીતિ પર નિર્ણય લેવાશે.

એક ઈઝરાયલી ટીવી ચેનલના અહેવાલ અનુસાર, નેતન્યાહૂ આખા વિસ્તારમાં નિયંત્રણ લાદવા તરફ વધી રહ્યા છે. જેનાથી ૨૦૦૫માં ગાઝાથી દૂર હટવાનો નિર્ણય પણ પલટાવી દેવામાં આવશે. જોકે, તેની સરહદો પર નિયંત્રણ કાયમ રહેશે.

જમણેરી પાર્ટીઓ આ પગલાંની જવાબદાર ગાઝામાં હમાસની સત્તાને માને છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે, નેતન્યાહૂ એક લાંબા કબ્જાની આશા કરી રહ્યા હતા કે હમાસને ખતમ કરવા અને ઈઝરાયલી બંધકોને મુક્ત કરવાના હેતુથી એક અલ્પ કાલિન અભિયાનની. હાલ, પૂરતું નેતન્યાહૂ કાર્યલયે આખાય વિસ્તારમાં નિયંત્રણ લાદવાના અહેવાલોને નકારી દીધું છે. ઈઝરાયલના પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂએ ગાઝામાં ૨૨ મહિનાથી ચાલી રહેલા યુદ્ધ માટે એક વ્યૂહનીતિને અંતિમ રૂપ આપવાના હેતુથી વરિષ્ઠ સુરક્ષા અધિકારીઓની મુલાકાત લીધી હતી. મળતી માહિતી મુજબ, નેતન્યાહૂએ ગાઝા પટ્ટી પર પૂર્ણ સૈન્ય કબ્જો કરવાનું સમર્થન કર્યું છે.

### રશિયન ઓઇલની ખરીદીની કિંમત ભારતે ચૂકવવી પડશે

## ભારત પર આગામી ૨૪ કલાકમાં ધરખમ ટેરિફ નાખીશ : ડોનાલ્ડ ટ્રમ્પ

**રશિયા પાસેથી જ ઓઇલ ખરીદતા ચીનને કશું ન કરી ભારત જેવા ગાઢ સહયોગી સાથે સંબંધ ખતમ ન કરાય : ઇન્ડિયન અમેરિકન નિકી હેલીની ચેતવણી**

। વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત સારું ટ્રેડિંગ પાર્ટનર નથી અને હું ભારત પર આગામી ૨૪ કલાકમાં ધરખમ ટેરિફ નાખીશ. જો કે ટ્રમ્પ અગાઉ ૨૫ ટકાના ટેરિફની તો જાહેરાત કરી જ ચૂક્યા છે, કારણ કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદે છે અને રશિયાના વોર મશીનને ફંડિંગ પૂરુ પાડે છે. રશિયાએ અમેરિકાની ધમકી નવસંસ્થાનવાદ સમાન ગણાવી હતી. ટ્રમ્પે ભારત પર આરોપ મૂક્યો હતો કે તે રશિયા પાસેથી ડિસ્કાઉન્ટમાં ઓઈલ ખરીદીને વૈશ્વિક બજારમાં જંગી ભાવે વેચે છે. તેણે જણાવ્યું હતું કે ભારત સૌથી ઊંચો ટેરિફ વસૂલતો દેશ છે. વિશ્વનો કોઈ દેશ નાખતો નથી તેટલો ટેરિફ તે નાખે છે. અમે ભારતના આ ઊંચા ટેરિફના કારણે તેની સાથે બહુ ઓછો કોરાબોર કરી શકીએ છીએ. ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત સારું ટ્રેડિંગ પાર્ટનર નથી, કારણ કે તે અમારી સાથે નોંધપાત્ર કારોબાર કરે છે, પરંતુ અમે તેની સાથે ખાસ કારોબાર કરી શકતા નથી. અમે તેના પર હાલના ૨૫ ટકા ટેરિફ પર નહીં અટકીએ, ઘણો જબરદસ્ત ટેરિફ નાખીશું. તેની પાછળનું મુખ્ય કારણ એ છે કે તેઓ રશિયન ઓઈલ ખરીદે છે. આમ ભારતની ખરીદી રશિયન વોર મશીનને ઈંધણ પૂરુ પાડે છે. જો તે આમ ચાલુ રાખશે તો હું ખુશ રહેવાનો નથી. ટ્રમ્પને જ્યારે પૂછવામાં આવ્યું હતું કે ભારત સાથે ટ્રેડ ડીલ થવાની તૈયારીમાં છે તેનું શું છે, ટ્રમ્પે જણાવ્યુ હતું કે ભારતના ટેરિફ ઘણા ઊંચા છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે હવે તો ભારત તેના ઊંચા ટેરિફમાંથી ઝીરો ટેરિફ કરે તો પણ જ્યાં સુધી તે રશિયન ઓઈલની ખરીદી બંધ નહીં કરે ત્યાં સુધી હું સંમત નહીં થાઉં. ટ્રમ્પના નિવેદન બાદ ભારતે વળતા જવાબમાં જણાવ્યું હતું કે અમેરિકા અને યુરોપીયન યુનિયન રશિયા પાસેથી ઓઈલની ખરીદીને લઈને ભારતને બિનજરૂરી રીતે લક્ષ્યાંક બનાવી રહ્યા છે. તેમને પોતાને જો યુક્રેનની આટલી ચિંતા હોય તો તે રશિયા પાસેથી તેમનો જે પણ કારોબાર છે તે પહેલા બંધ કરે, પછી બીજાને કહે. હવે તે સમયે તેઓ પોતાના હિતોને પ્રાધાન્ય આપે છે તો પછી અમે અમારા હિતોને પ્રાધાન્ય આપીએ છીએ. અમેરિકા તેના પરમાણુ ઉદ્યોગ માટે રશિયા પાસેથી હાલમાં પણ યુરેનિયન હેક્સા ફ્લુરોઈડ, ઈવી માટે પેલેડિયમ, ખાતરો તથા રસાયણોની આયાત કરે છે.

## લગ્નનાં અઢી વર્ષમાં જ હંસિકા મોટવાણી છૂટાછેડા લે તેવા સંકેત



। મુંબઈ, તા.૬ ।

અભિનેત્રી હંસિકા મોટવાણી છૂટાછેડા લે તેવી સંભાવના છે. ૨૦૨૨માં તેણે સોહેલ કથૂરિયા સાથે લગ્ન કર્યાં હતાં. હવે તેણે આ લગ્નના તમામ વિડીયો અને ફોટા સોશિયલ મીડિયા પરથી ડિલીટ કરી દીધા છે. તેના પરથી તે હવે છૂટાછેડા લઈ રહી હોવાનું મનાય છે. હંસિકા અને તેનો પતિ પહેલા સોહેલના પેરન્ટસ સાથે રહેતા હતા. પરંતુ હંસિકા તેમની સાથે એડજસ્ટ કરી ન શકતા તેણે સાસરિયાઓ રહેતા હતા તે જ બિલ્ડિંગમાં ફ્લેટ લીધો હતો.તેમ છતાં તેના અને પતિ વચ્ચે મતભેદ વધતો જ રહ્યો હતો. હવે હંસિકા સોહેલને છોડીને માતા સાથે રહેવા ગઈ હોવાનું કહેવાય છે. જોકે યુગલે આ બાબતે કોઈ સ્પષ્ટતા કરી નથી. હંસિકાએ ૧૮મી જુલાઈ પછી સોશિયલ મીડિયા પર કોઈ પોસ્ટ શેર કરી નથી. બીજી તરફ સોહેલે પણ પોતાના એકાઉન્ટને પ્રાઈવેટ કરી નાખ્યું છે. અભિનેત્રી હંસિકા મોટવાણી છૂટાછેડા લે તેવી સંભાવના છે. ૨૦૨૨માં તેણે સોહેલ કથૂરિયા સાથે લગ્ન કર્યાં હતાં. હવે તેણે આ લગ્નના તમામ વિડીયો અને ફોટા સોશિયલ મીડિયા પરથી ડિલીટ કરી દીધા છે. તેના પરથી તે હવે છૂટાછેડા લઈ રહી હોવાનું મનાય છે. હંસિકા અને તેનો પતિ પહેલા સોહેલના પેરન્ટસ સાથે રહેતા હતા. પરંતુ હંસિકા તેમની સાથે એડજસ્ટ કરી ન શકતા તેણે સાસરિયાઓ રહેતા હતા તે જ બિલ્ડિંગમાં ફ્લેટ લીધો હતો.

## બ્રાઝિલમાં પૂર્વ રાષ્ટ્રપતિ બોલસોનારો હાઉસ અરેસ્ટ । સત્તાપલટાનું ષડ્યંત્ર રચવાનો આરોપ

। બ્રાસેલિયા, તા.૫ ।

બ્રાઝિલની સુપ્રીમ કોર્ટે ૪ ઓગસ્ટના રોજ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જૈર બોલસોનારોને હાઉસ અરેસ્ટ કરવાનો આદેશ આપ્યો છે. તેમના પર ૨૦૨૨ની ચૂંટણીમાં હાર્યા પછી પણ પદ પર રહેવા માટે કથિત રીતે બળવો કરવાની કાવતરું ઘડવાનો આરોપ છે. મીડિયા અહેવાલ અનુસાર, બોલસોનારો પર દેશમાં બળવાનો પ્રયાસ કરવાના ગંભીર આરોપો છે. અમેરિકાએ સુપ્રીમ કોર્ટના આ આદેશની નિંદા કરી છે. આ આદેશ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકા અને બ્રાઝિલ વચ્ચે ટ્રેડ વોર ચાલી રહ્યું છે.

જસ્ટિસ એલેક્ઝાન્ડર ડી મોરેસે પોતાના આદેશમાં જણાવ્યું કે, બોલસોનારોએ ગયા મહિને સોશિયલ મીડિયાના ઉપયોગ પર લાગુ કરાયેલા પ્રતિબંધનો ભંગ કર્યો છે. તેમને ઈલેક્ટ્રોનિક એન્કલ ટેગ પહેરવાનો આદેશ પણ આપવામાં આવ્યો હતો. બોલસોનારોએ પોતાના ત્રણ સાંસદ પુત્રોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા કન્ટેન્ટ પોસ્ટ કર્યું હતું, જે નિયમોની વિરુદ્ધ હતું. તેમજ રવિવારે બોલસોનારોએએ રિયો ડી જાનેરોમાં પોતાના સમર્થકોને સંબોધિત કર્યા હતા.હાઉસ અરેસ્ટના આદેશ બાદ બ્રાઝિલની ફેડરલ પોલીસે જણાવ્યું કે, એજન્ટ્સ બોલસોનારોએના બ્રાઝિલિયા સ્થિત ઘરે પહોંચી ગયા છે.

## 'ભારત જેવા મજબૂત સહયોગી સાથે સંબંધ ન બગાડશો' રાજદૂત નિક્કી હેલીની ડોનાલ્ડ ટ્રમ્પને સલાહ

। નવીદિલ્હી, તા.૬ ।

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પૂર્વ રાજદૂત નિક્કી હેલીએ ડોનાલ્ડ ટ્રમ્પના ભારતીય માલસામાન પર ભારે ટેરિફ લાદવાના પ્રસ્તાવની આકરી ટીકા કરી છે. હેલીએ ચેતવણી આપી હતી કે આ પગલું ભારત-અમેરિકા સંબંધોને બગાડી શકે છે, જે હાલમાં ખૂબ જ મહત્વપૂર્ણ તબક્કે છે. તેમણે કહ્યું કે એક તરફ તમે ચીન જેવા દુશ્મનને રાહત આપી રહ્યા છે જ્યારે બીજી બાજુ ભારત જેવા મિત્ર દેશ સામે કડક કાર્યવાહી કરી રહ્યા છો.. આ કેવું...? તેમણે ટ્રમ્પને ચેતવણી આપી હતી કે અમેરિકા ચીન જેવા દુશ્મન દેશને છૂટછાટ ન આપે અને ભારત જેવા સાથી સાથેના સંબંધો ન બગાડે. હેલીએ ટ્રમ્પ વહીવટીતંત્ર પર બેવડા ધોરણ અપનાવવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતુ કે અમેરિકાએ ચીન સાથે વેપાર માટે ૯૦ દિવસની ટેરિફ મુક્તિ આપી છે, જ્યારે ભારત સામે કડક વલણ દાખવવામાં આવી રહ્યું છે.

હેલીએ એક્સ (અગાઉ ટ્વિટર) પર લખ્યું હતું કે, "ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરવું જોઈએ, પરંતુ ચીન જે આપણો દુશ્મન છે અને રશિયા અને ઈરાનનો સૌથી મોટો ઓઈલ ભંડાર ખરીદનાર પણ છે, તેને ૯૦ દિવસની ટેરિફ મુક્તિ મળી છે. એકતરફ ચીનને છૂટછાટ અને બીજી તરફ ભારત જેવા મજબૂત સાથી સાથેના સંબંધો બગાડો તે યોગ્ય નથી."

નિક્કી હેલી લાંબા સમયથી ભારત અને અમેરિકા વચ્ચે મજબૂત સંબંધોના પક્ષમાં રહી છે. તેમનું માનવું છે કે ચીનના વધતા પ્રભાવને રોકવા માટે ભારત જેવા લોકશાહી દેશો સાથે મજબૂત ભાગીદારી જરૂરી છે. તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે હું ભારતીય માલસામાન પરના ટેરિફમાં ૨૫%નો વધારો કરીશ, જે ૧ ઓગસ્ટથી લાગુ કરવામાં આવ્યો છે.

### ટ્રમ્પની આપખુદશાહી યુએસએ રશિયા સાથે વ્યાપાર કરી શકે નહીં | યુરોપના દેશોએ રશિયા પર પ્રતિબંધ મૂકવા છતાં ૨૦૨૪માં ૧૬.૫ મિલિયન ટન એલએનજીની આયાત કરી હતી

## અમેરિકાનો રશિયા સાથેનો વેપાર ૨.૧ અબજ ડોલર : પાંચ મહિનામાં ૨૩ ટકાનો વધારો

। વોશિંગ્ટન, તા.૬ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ ભારતને દંડ સ્વરુપે જંગી ટેરિફની ધમકી આપ્યા પછી ભારતે દુનિયા સમક્ષ અમેરિકા અને યુરોપીયન યુનિયનની પોલી ખોલી નાંખી છે. વિદેશ મંત્રાલયે દાવો કર્યો કે, રશિયા સાથે ભારતના વેપારનો વિરોધ કરનાર અમેરિકાએ પોતે જ ૨૦૨૫ના પહેલા પાંચ મહિનામાં રશિયા સાથે વેપાર ૨૩ ટકા વધારી ૨.૧ અબજ ડોલર કર્યો હતો.વિદેશ મંત્રાલયે સીધા જ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ટ્રમ્પ એક તરફથી રશિયન તેલ ખરીદવા માટે ભારતીય જંગી ટેરિફની વાત કરે છે. પરંતુ અમેરિકા જ રશિયા પાસેથી તેના પરમાણુ આધારિત ઉદ્યોગો માટે રશિયા પાસેથી યુરેનિયમ, હેકઝાફલોરાઈડ, ઈલેક્ટ્રિક વ્હીકલ સેક્ટર માટે પેલેડીયમ, તેમજ ફર્ટિલાઈઝર્સ અને કેમિકલ્સ ખરીદે છે. વિદેશ મંત્રાલયે અમેરિકા અને રશિયા વચ્ચે દ્વિપક્ષીય વેપાર પર પ્રકાશ પાડતા જ બંને દેશના સંબંધો સામે આવી ગયા છે. કેટલાક મીડિયા અહેવાલો મુજબ અમેરિકાએ જાન્યુઆરીથી મે ૨૦૨૫માં રશિયા સાથે વેપાર વધાર્યો છે. અમેરિકન આંતરરાષ્ટ્રીય વેપાર કમિશનના આંકડા મુજબ વર્ષ ૨૦૨૪માં રશિયન માલની અમેરિકામાં આયાત ચાલુ રહી હતી, જેમાં ખાતર ૧.૧ અબજ ડોલર, પલ્લેડિયમ ૮૭૮ મિલિયન ડોલર, યુરેનિયમ ૬૨૪ મિલિયન ડોલર અને એરક્રાફ્ટ એન્જિન પાર્ટ્સ ૭૫ અબજ ડોલરનો સમાવેશ થાય છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, અમેરિકા અને યુરોપીય યુનિયન અકારણ ભારતને નિશાન બનાવે છે. વાસ્તવમાં ભારત તો યુક્રેન યુદ્ધ શરૂ થયું તે પહેલાંથી રશિયા પાસેથી ક્રૂડ ખરીદીતું રહ્યું છે. બીજી તરફ યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી પણ યુરોપીય યુનિયનનો રશિયા સાથેનો વ્યાપાર ૨૦૨૩માં ૬૭.૫ અબજ યુરો સુધી પહોંચ્યો છે જ્યારે સર્વિસીઝની ખરીદી ૧૭.૨ અબજ ડોલર સુધી પહોંચી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે એલએનજીની ખરીદી અંગે વિદેશ મંત્રાલયના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦૨૨માં તેની ખરીદી ૧૫.૨૧ અબજ ડોલર હતી. જે ૨૦૨૪માં વધીને ૧૬.૫ અબજ ટન થઈ હતી. યુરોપ અને રશિયાના વેપારમાં માત્ર એનર્જી જ નહીં પરંતુ ખાતર, માઈનિંગ ઉત્પાદનો, રસાયણો, આયર્ન અને સ્ટીલ તેમજ મશીનરી અને પરીવહન સાધનોનો પણ સમાવેશ થાય છે. વધુમાં યુરોપના દેશોએ યુક્રેન યુદ્ધ બદલ રશિયા પર પ્રતિબંધો મૂકવાની સાથે વર્ષ ૨૦૨૪ અને ૨૦૨૫માં ભારત, ચીન અને તૂર્કી જેવા દેશો મારફત રશિયા સાથે પરોક્ષ વેપાર વધાર્યો હતો.



### એચઓપીઇનું ઉદ્ઘાટન કર્યું | ભારતે પોતાના અવકાશયાત્રીઓને અંતરિક્ષમાં મોકલવા માટેની યોજના વધુ સઘન બનાવી

## ઇસરોએ લદાખમાં માર્સ બેઝ શરૂ કર્યો : ભાવિ મૂન મિશન અને માર્સ મિશનની તૈયારી

। બેંગલુરુ, તા.૬ ।

ભારતે પોતાના અવકાશયાત્રીઓને અંતરિક્ષમાં મોકલવા માટેની યોજના વધુ સઘન બનાવી છે.આ જ યોજનાના હિસ્સારૂપે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને(ઈસરો) લદાખમાં માર્સ -લાઈક એસ્ટ્રોનટ ટ્રેનિંગ ફેસિલિટી (સૂર્યમંડળના લાલ રંગી મંગળ ગ્રહ પર જવા માટે અવકાશયાત્રીઓનું તાલીમ કેન્દ્ર) શરૂ કરી છે.

ઈસરોના ચેરમેન ડો. વી.નારાયણને ૨૦૨૫ની ૩૧, જુલાઈએ, શુક્રવારે લદાખની ત્સો કર વેલી નામના સ્થળે હિમાલયન આઉટપોસ્ટ ફોર પ્લેનેટરી એક્સપ્લોરેશન(એચઓપીઈ)નું ઉદ્ઘાટન કર્યું છે.



ડો.વી.નારાયણને એવી માહિતી આપી છે કે એચઓપીઈ ખરેખર તો એનેલોગ મિશન છે.ભારતના અવકાશયાત્રીઓ ભવિષ્યમાં (૨૦૪૦) ચંદ્રની અને ત્યારબાદ મંગળની ધરતી પર ઉતરે તે માટે અમે અત્યારથી જ જરૂરી બધી તૈયારી શરૂ કરી છે. લદાખની આ ત્સો કર વેલી સ્થળની ભૌગોલિક પરિસ્થિતિ ઘણા અંશે મંગળ ગ્રહની ભૌગોલિક પરિસ્થિતિ સાથે સમાનતા ધરાવતી હોવાથી તેની પસંદગી થઈ છે. આ તાલીમ કેન્દ્રમાં અંતરિક્ષમાં હોય છે તેવું જ વાતાવરણ સર્જવામાં આવ્યું છે.

આ તાલીમ કેન્દ્રમાં બે ક્રૂ મેમ્બર્સ(બે વિજ્ઞાનીઓ) ૧થી ૧૦, ઓગસ્ટ દરમિયાન રહેશે. તાલીમ કેન્દ્રમાં બંને વિજ્ઞાનીઓ વિવિધ પ્રકારની શારીરિક અને માનસિક પરિસ્થિતિમાં રહેશે. સાથોસાથ તેઓ સોઈલ કલેક્શન(ચંદ્રની અને મંગળની ધરતીના નમૂના ભેગા કરવા) અને માઈક્રોબાયલ ટેસ્ટિંગ(સુક્ષ્મ જીવ પર પરીક્ષણ) વગેરે જેવા વૈજ્ઞાનિક પ્રયોગો પણ કરશે. અમારા આ વિશિષ્ટ પ્રયોગમાં દેશની જુદી જુદી વિજ્ઞાન સંસ્થાઓ પણ જોડાઈ છે. ખાસ કરીને બંને વિજ્ઞાનીઓની સમગ્ર ગતિવિધિ પર ઈન્સ્ટિટયુટ ઓફ એરોસ્પેસ મેડિસીન ખાસ નિરીક્ષણ રાખશે. લદાખના આ હોપમાં બે મોડયુલર યુનિટ્સ(બે વિભાગ) છે.એક, આઠ મીટર પહોળું રહેવા માટેનું અને બીજું, પાંચમીટર પહોળું વૈજ્ઞાનિક પ્રયોગો સહિત અન્ય કામગીરી માટેનું છે. આ તાલીમ કેન્દ્ર દ્વારા જે માહિતી મળશે તેના આધારે ભારતના ભાવિ મૂન મિશન અને માર્સ મિશનના કાર્યક્રમો તૈયાર થશે. ઈસરોના ચેરમેન ડો. વી.નારાયણને ૨૦૨૫ની ૩૧, જુલાઈએ, શુક્રવારે લદાખની ત્સો કર વેલી નામના સ્થળે હિમાલયન આઉટપોસ્ટ ફોર પ્લેનેટરી એકસપ્લોરેશન(એચઓપીઈ)નું ઉદ્ઘાટન કર્યું છે.

## મગફળી ચોરી પર કેન્દ્ર સરકાર કાર્યવાહી કરશે : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૬ ।

રાજકોટના જેતપુર વેરહાઉસમાંથી મગફળી ચોરીના કેસમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે કહ્યું છે કે ટેકાના ભાવે ખરીદી કરવાની જવાબદારી સરકારની છે, પછી તે ખરીદ એજન્સી નાફેડનો મામલો છે અને કેન્દ્ર સરકાર આ મામલે કાર્યવાહી કરશે.નોંધનીય છે કે રાજકોટના જેતપુરમાં એક રો-હાઉસમાંથી ટેકાના ભાવે ખરીદેલી મગફળી ચોરાઈ ગઈ હતી. જેતલસર નજીક એક રો-હાઉસમાંથી મગફળીની ચોરી થતાં હોબાળો મચી ગયો હતો.નાફેડ દ્વારા ખરીદેલી મગફળી જેતપુર સ્થિત વિવિધ ગોદામોમાં રાખવામાં આવી હતી, ત્યારબાદ રો-હાઉસમાંથી મગફળી ચોરાઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર,રો-હાઉસમાંથી ૧૨૧૨ બોરી મગફળી ચોરાઈ હતી, જેની અંદાજિત કિંમત ૩૧૬૪૯૫૬ રૂપિયા છે. આ મામલે પોલીસમાં ફરિયાદ પણ નોંધાઈ હતી.હવે આ મામલે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું છે કે ટેકાના ભાવે ખરીદી કરવાની જવાબદારી સરકારની છે અને પછી ખરીદી એજન્સી-નાફેડનો પ્રશ્ન છે. તેમણે કહ્યું કે નાફેડ કેન્દ્ર સરકારની સંસ્થા છે અને હવે કેન્દ્રએ કાર્યવાહી કરવી પડશે. જેતપુર સ્થિત વિવિધ ગોદામોમાં રાખવામાં આવી હતી, ત્યારબાદ રો-હાઉસમાંથી મગફળી ચોરાઈ ગઈ હતી.

### વર્ષ ૨૦૨૫ના એરી ઉછેર માટેની તૈયારીઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો

## “મારું રેશમ મારું અભિમાન” અભિયાનથી ગુજરાતમાં એરી રેશમને નવા અવસર

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૬ ।

કાપડ મંત્રાલય, ભારત સરકારના કેન્દ્રીય રેશમ બોર્ડ દ્વારા રાષ્ટ્રીય અભિયાન “મારું રેશમ મારું અભિમાન” (એમ.આર.એમ.એ.) અંતર્ગત, બનાસકાંઠા જિલ્લાના કિડોતર ગામે આવેલ રેશમ સંશોધન કેન્દ્ર, સહ-પ્રદર્શન ઉછેર કેન્દ્ર ખાતે એરી રેશમ ઉછેર ટેકનોલોજી અને એરંડા ખેતીના સંકલન અંગે પ્રદર્શન કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો.

આ કાર્યક્રમ કેન્દ્રીય રેશમ બોર્ડ – સંશોધન વિસ્તરણ કેન્દ્ર, ગુજરાત દ્વારા, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તથા કલ્યાણ ફાઉન્ડેશનના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો. આ પહેલ ગુજરાત એરી પ્રચાર પ્રકલ્પનો એક ભાગ છે, જેનો હેતુ એરી રેશમ ઉછેરને પર્યાવરણમૈત્રી તથા ખેડૂતો માટે આવક વધારનાર વ્યવસાય તરીકે પ્રચલિત કરવાનો છે.




અમીરગઢ તાલુકાના ઢોલિયા, કીડોતર, વઘડદી ગામો તથા દાંતીવાડા તાલુકાના ધાનેરી ગામના ૬૦થી વધુ ઉત્સાહી ખેડૂતોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો, જેમાં વર્ષ ૨૦૨૫ના એરી ઉછેર માટેની તૈયારીઓ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

ડૉ. મહેશ ડી. એસ., વૈજ્ઞાનિક તથા ઈનચાર્જ, કેન્દ્રીય રેશમ બોર્ડ – સંશોધન વિસ્તરણ કેન્દ્ર, ગુજરાતએ અદ્યતન એરી ઉછેર પદ્ધતિઓનું પ્રદર્શન કર્યું અને જણાવ્યું કે એરિ કલ્ચર ખેડૂતોની આવકમાં વધારો કરી શકે છે તથા એરંડા ઉત્પાદન પર કોઈ અસર કર્યા વિના તેને વધુ ફાયદાકારક બનાવી શકે છે.

ડૉ. એલ. ડી. પરમાર અને ડૉ. ચંદરાગી, તેલબિયાં સંશોધન કેન્દ્ર, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ વૈજ્ઞાનિક ઢબે એરંડા ખેતી સાથે કેવી રીતે એરી ઉછેર સાથે સંકલિત કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું. ડૉ. સચિન માલવે, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ડીસાએ એરિકલ્ચરના આર્થિક ફાયદાઓ તથા ખેડૂતોને વધારાની આવક આપવા માટેની તેની ભૂમિકા અંગે પ્રકાશ પાડ્યો.

સતીશ સિંહ અને શ્રી નીતિન જયમિની, કલ્યાણ ફાઉન્ડેશનએ એરિકલ્ચરને દ્વિ-આવક મોડલ તરીકે અપનાવવાના ફાયદા તથા એરંડાની ઉત્પાદકતા જાળવી રાખવાના ઉપાયો સમજાવ્યા. મનોજ (રાજસ્થાન બાલ્ય કલ્યાણ સમિતિ) સહિત એનજીઓના પ્રતિનિધિઓ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા તથા જાગૃતિ ફેલાવવા સહકાર આપવાનો સંકલ્પ કર્યો.

આ પ્રદર્શનનું આયોજન મુખ્ય ખેડૂત ચેતનસિંહ ડાભીના સક્રિય સહકારથી થયું, જેમણે બનાસકાંઠાના ખેડૂતોને આ કાર્યક્રમમાં જોડાવા પ્રેરિત કર્યા. ખેડૂતો વૈજ્ઞાનિકો સાથે વાર્તાલાપ કરી, શંકાઓ દૂર કરી અને ભલામણ કરેલી પદ્ધતિઓ અપનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ અવસરે ડૉ. મહેશ ડી. એસ.એ જણાવ્યું કે, “મારું રેશમ મારું અભિમાન” અભિયાન માત્ર રેશમ ઉત્પાદન માટે નથી; પરંતુ ગુજરાતના ખેડૂતોને નવા રોજગાર અવસર આપવાના હેતુથી છે. પર્યાવરણમૈત્રી એરી રેશમને વિશ્વભરમાં મોટી માંગ છે, જે આ પ્રદેશ માટે વિશાળ શક્યતાઓ ઉભી કરે છે. કેન્દ્રીય રેશમ બોર્ડ – સંશોધન વિસ્તરણ કેન્દ્ર, ગુજરાત ગુજરાત એરી પ્રચાર પ્રકલ્પ દ્વારા રેશમ ઉછેરના ક્લસ્ટરો ઉભા કરવા, ખેડૂતોને તાલીમ, એરંડા પાકનું સંચાલન, ઉછેર વ્યવસ્થાપન અને તકનીકી માર્ગદર્શન આપવા માટે કાર્યરત છે. આ પહેલ ગ્રામિણ અર્થતંત્રને મજબૂત બનાવશે અને આત્મનિર્ભર ભારતના હેતુમાં યોગદાન આપશે.સહ-પ્રદર્શન ઉછેર કેન્દ્ર ખાતે એરી રેશમ ઉછેર ટેકનોલોજી અને એરંડા ખેતીના સંકલન અંગે પ્રદર્શન કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો.

### મોરબીમાં આમ આદમી પાર્ટીની જાહેર સભા ચર્ચાનું કેન્દ્ર બની છે । પરંતુ કોઈ રાજકીય નીતિ કે વચનોને લઈને નહીં

## અમારો કાર્યકર તમાચો મારશે, અમને કોઈનો ડર નથી : આપ નેતા રેશમા પટેલ

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૬ ।

મોરબીમાં આમ આદમી પાર્ટીની જાહેર સભા ચર્ચાનું કેન્દ્ર બની છે, પરંતુ કોઈ રાજકીય નીતિ કે વચનોને લઈને નહીં, બલ્કે એક લાફાકાંડને કારણે ગુજરાતના રાજકારણમાં નવો વિવાદ જન્મ્યો છે. આ વિવાદ આપની સભામાં એક વ્યક્તિને લાફો મારવાને કારણે થયો છે. સોમવારે મોરબીના રાજનગર સોસાયટીમાં આમ આદમી પાર્ટીના ‘ગુજરાત જોડો અભિયાન’ હેઠળ યોજાયેલી સભામાં એક યુવકે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને અરવિંદ કેજરીવાલ અને યમુના નદીની સફાઈ અંગે સવાલ પૂછ્યો. પરંતુ આ સવાલના જવાબમાં આપના કાર્યકરે યુવકને લાફો ઝીંકી દીધો. આ લાફાકાંડને ઈસુદાન ગઢવીએ ભાજપનું ષડયંત્ર ગણાવ્યું તો, ભાજપે કહ્યું કે, ખોટું બોલવું અને ભ્રમ ફેલાવવું એ આમ આદમી પાર્ટીની ફિલસૂફી છે.આ ઘટનાએ વિવાદને વધુ હવા આપી જ્યારે આપના પ્રદેશ મહિલા અધ્યક્ષ રેશમા પટેલે ધમકીભર્યા ટોનમાં કહ્યું,”અમારો કાર્યકર તમાચો મારશે, અમને કોઈનો ડર નથી.” આ નિવેદનથી રાજકીય વાતાવરણમાં નવી ચર્ચાઓએ જન્મ લીધો છે. પીડિત યુવકે આ ઘટના બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવા માટે પગલાં ભર્યાં છે. સોશિયલ મીડિયા પર આ ઘટના સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે, અને ઘણા પૂછી રહ્યા છે - શું લોકશાહીમાં સવાલ પૂછવો ગુનો છે?મોરબીનો આ લાફાકાંડ ગુજરાતના રાજકારણમાં નવો વિવાદ ઉભો કરી રહ્યો છે. આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચેનો આ ઘર્ષણ આગામી દિવસોમાં કયું વળાંક લેશે, તે તો સમય જ બતાવશે. મોરબીમાં આમ આદમી પાર્ટીની જાહેર સભા ચર્ચાનું કેન્દ્ર બની છે, પરંતુ કોઈ રાજકીય નીતિ કે વચનોને લઈને નહીં, બલ્કે એક લાફાકાંડને કારણે ગુજરાતના રાજકારણમાં નવો વિવાદ જન્મ્યો છે. આ વિવાદ આપની સભામાં એક વ્યક્તિને લાફો મારવાને કારણે થયો છે.

### અમરેલી જીલ્લાની શ્વેત ક્રાંતિમા અગ્રેસર

## અમરેલીની અમર ડેરીની ચૂંટણી જાહેર થતા ઉમેદવારી પત્રો ભરાયા

### અમરેલી જિલ્લાનું આર્થીક પછાતપણું દૂર કરવાના ધ્યેય સાથે દિર્ઘદ્રષ્ટા પૂર્વ કેબીનેટ મંત્રી–સહકારી અગ્રણી દિલીપ સંઘાણીના પ્રયાસથી’ અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ” “અમર ડેરી’ ની સ્થાપના કરી હતી

। પ્રતિનિધિ, અમરેલી, તા.૬ ।

સહકારી અગ્રણી દિલીપ સંઘાણી, જુનાગઢ ડેરીના પૂર્વ ચેરમેન રામસિંહભાઈ ભેટરીયા, અગ્રણી કાર્યકર ભગવાનભાઈ ભુવા, અમર ડેરી ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, મુકેશભાઈ સંઘાણી, જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ દિનેશભાઈ પોપટ, ખરીદ વેંચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા સહિત અગ્રણીઓની ઉપસ્થિતી અમરેલી જિલ્લાનું આર્થીક પછાતપણું દૂર કરવાના ધ્યેય સાથે દિર્ઘદ્રષ્ટા પૂર્વ કેબીનેટ મંત્રી–સહકારી અગ્રણી દિલીપ સંઘાણીના પ્રયાસથી’ અમરેલી જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ” “અમર ડેરી’ ની સ્થાપના કરવામા આવી અને દુધ એકત્રીકરણ કરવાનુ શરૂ થયેલ. લોકોને પુરક રોજગારી મળે,



પશુપાલન પવૃતિનો વિકાસ થાય અને યુવાનોને આજીવીકા આપવાની તિવ્ર ઈચ્છાશકિત સાથે ડેરી નિર્માણ કાર્ય શરૂ કરવામા આવ્યું જેને પરિણામે આજે અમરેલી જીલ્લો શ્વેત ક્રાંતિમા મોખરાનુ સ્થાન મેળવીને અસંખ્ય દુધ મંડળીઓ ધરાવતો પરિવાર બન્યો છે.

અમરેલી જીલ્લા સહકારી દૂર ઉત્પાદક સંઘની વ્યવસ્થાપક કમીટીની મૂદત પૂર્ણ થતા ચૂંટણી જાહેર થયેલ હોઈ, તે અંતર્ગત આજે દિલીપ સંઘાણીએ ઉમેદવારી પત્ર રજુ કરેલ જેમા દરખાસ્ત કલ્પેશભાઈ ગજેરા અને ટેકો ચંદુભાઈ ગજેરા એ આપેલ, પરશોતમભાઈ રૂપાલા નું ફોર્મ દરખાસ્ત કરનાર દિલીપભાઈ સંઘાણી એ રજુ કરેલ જેને અશ્વિનભાઈ સાવલીયાએ ટેકો આપેલ.

તેમજ અશ્વિનભાઈ સાવલીયાના ઉમેદવારી પત્રમા પ્રવિણભાઈ માંગરોળીયાએ દરખાસ્ત કરેલ અને ધર્મેન્દ્રભાઈ જોષીએ ટેકો આપેલ, જયારે મુકેશભાઈ સંઘાણીનું ફોર્મમાં દિલીપભાઈ એ દરખાસ્ત કરેલ અને અર્શ્વિનભાઈ સાવલીયાએ ટેકો આપેલ. જયારે અન્ય ફોર્મ ઉમેદવાર તરીકે રાજેશભાઈ માંગરોળીયા, અરૂણભાઈ પટેલ(બુટાણી), કમલેશભાઈ સંઘાણી, ચંદુભાઈ રામાણી, રેખાબેન કાકડીયા, ઠાકરશીભાઈ શિયાણી, ભાવનાબેન ગોંડલીયા, અરૂણાબેન માલાણી, ભાનુબેન જયંતિભાઈ બુહા, ભાવનાબેન સતાસીયા, જયાબેન રામાણી, રામજીભાઈ કાપડીયા એ અલગ અલગ વિભાગો માંથી પોતાના ફોર્મ રજુ કરેલ જયારે દરખાસ્ત કરનાર અને ટેકા આપનાર પ્રવિણભાઈ માંગરોળીયા, બાબુભાઈ સખવાળા, સંજયભાઈ વાગડીયા, મયુરભાઈ હિરપરા, જેઠુરભાઈ કોઠીવાળ, ચતુરભાઈ ભુવા, સંજયભાઈ સોરઠીયા, અનિલભાઈ પાનશેરીયા સહિતનાએ પ્રક્રિયામા ભાગ લીધેલ.



આ પ્રસંગે આદિત્ય ગઢવીએ જણાવ્યુંએક :“આ તહેવાર આપણી ઓળખ, આપણી ખુશી અને આપણી ભક્તિનું પ્રતિક છે । #AGni-Navratri એ અમદાવાદ, ગુજરાત અને દરેક એવા વ્યક્તિને મારૂ નમન છે જેને નવરાત્રીમાં એ જ દિવ્ય આનંદ મળે છે જે મને પણ મળે છે

### ૧૦ દિવસ, ૧ અવાજ, અનંત ઊર્જા ।

## ટ્રાઈબવાઈબ એન્ટરટેઈનમેન્ટ આદિત્ય ગઢવીના ‘રંગ મોરલા’ને ફરી લઈને આવી રહ્યા છે

### ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની આંતરરાષ્ટ્રીય ટૂરમાં આદિત્ય ગઢવીએ સોલ્ડ-આઉટ શો કર્યા હતા ત્યાંથી પરત ફર્યા બાદ આદિત્ય ગઢવી જ્યાંથી તે શરૂ કર્યુ ત્યાં ઉર્જા પરત લાવવા તૈયાર છે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૬ ।

આ નવરાત્રીમાં જોશથી ભરપૂર રાતરીઓનો હિસ્સો બનવા તૈયાર થઈ જાઓ! જે BookMyShowની સહાયક સંસ્થા ટ્રાઈબવાઈબ એન્ટરટેઈનમેન્ટ છે, ભારતના લોકપ્રિય અવાજોમાંથી એક, આદિત્ય ગઢવીના રંગ મોરલા સાથે ગુજરાતની સૌથી અદ્ભુત નવરાત્રી ઉજવણીની જાહેરાત કરે છે. આ ભવ્ય ઉત્સવ ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન ગ્રીન અંદાજ પાર્ટી લોન, મકરબા, અમદાવાદ ખાતે યોજાશે.અદિત્ય ગઢવી એ સોશિયલ મીડિયા પર આ સમાચાર શેર કર્યા છે (અહીં). દસ અવિસ્મરણીય રાત્રીઓનો આનંદ માણો જ્યાં પરંપરાગત ગરબા રાસ લોક-ફ્યુઝન સંગીત સાથે મળશે. દસ રાત્રીની આ ઉજવણીમાં તમને એ વ્યક્તિ સાંભળવા મળશે જેના ગીતો દરેક ગુજરાતી હૃદયને સ્પર્શે છે. એક એવો શો જે વિશાળ પણ પરંપરાગત, આધુનિક પણ સાક્ષાત્કારિક છે અને જે સંગીતના ઈતિહાસનો એક નવો સાક્ષી બનશે.આ શો ને ચૂકી જવું એટલે ગુજરાતના જીવંત વારસાનો એક ટુકડો ગુમાવવો.રંગ મોરલા માટેની ટિકિટો ફક્ત ભારતનું અગ્રણી મનોરંજન પ્લેટફોર્મ BookMyShow પર ૬ ઓગષ્ટ સાંજે ૫ વાગ્યાથી ઉપલબ્ધ છે.રંગ મોરલા એ શો છે જ્યાં અમદાવાદ જીવંત બને છે – હવામાં સંગીતની મહેક, દરેક હૃદયમાં ભક્તિ અને રાત્રીને ઉજ્જવળ કરતી નૃત્યરાસની મજા. અહીં લોકો તેમની સંસ્કૃતિને અનુભવે છે અને દરેક ઢોલના ધબકારા સદાકાળ માટે યાદગાર બને છે.આદિત્ય ગઢવી – આધુનિક ગુજરાતી ગૌરવનો અવાજ, પહેલા ક્યારેય ન જોવાઈ હોય તેવી ઉજવણી માટે ઘરે પરત ફર્યા છે. આ નવરાત્રી તેઓ દર રાત્રે એક જ છત નીચે પ્રસ્તુત કરશે, અદ્ભુત ઊર્જા સાથે તે આખા સમુદાયને જોડશે જેના માટે તેઓ જાણીતા છે. ૬ ઓગષ્ટ સાંજે ૫ વાગ્યાથી BookMyShow પર અને દસ એવી રાતો માટે તૈયાર થાઓ જે દરેક ગુજરાતી હૃદયની સૌથી નજીકના તહેવારની ઉજવણીને ફરી વ્યાખ્યાયિત કરશે!

## ૧૨-૧૩ ઓગસ્ટે આકાશમાંથી દર કલાકે ૧૫૦ ઉલ્કાપિંડ પડશે । ગુજરાતમાં પણ થશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

આ ઓગસ્ટ મહિનામાં, તમને રાત્રે આકાશમાં પર્સિડ ઉલ્કાવર્ષા જોવા મળશે અને તેની સાથે, તમે આ રાત્રે આકાશમાં ઘણી બધી વસ્તુઓ બનતી જોશો. સરળ ભાષામાં કહીએ તો, આ ઓગસ્ટ મહિનો એવા લોકો માટે ખૂબ જ ખાસ રહેશે જેમને આકાશ જોવાનું ગમે છે.દર વર્ષે ઉલ્કાઓનો વરસાદ થાય છે અને આ દૃશ્ય ખૂબ જ સુંદર હોય છે. આ વર્ષે પર્સિડ ઉલ્કા ૧૨ અને ૧૩ ઓગસ્ટની રાત્રે સારી રીતે જોવા મળશે. તમને જણાવી દઈએ કે ઉલ્કાઓનો વરસાદ જુલાઈથી શરૂ થઈ અને ૨૪ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે, પરંતુ ૧૨ અને ૧૩ ઓગસ્ટની રાત્રે, તમે દર ૨-૪ મિનિટે આ દૃશ્ય જોશો. આ બે રાત્રે, તમે દર કલાકે લગભગ ૧૫૦ ઉલ્કાઓ જોઈ શકો છો. જો કે, આ વખતે પૂર્ણિમાને કારણે, શક્ય છે કે આ ઉલ્કાઓની ચમક ઓછી થઈ જાય અને જેના કારણે તેમને જોવામાં થોડી મુશ્કેલી પડી શકે.જો તમે ભારતમાં પર્સિડ ઉલ્કાવર્ષાના નજારાનો આનંદ માણવા માંગતા હો, તો તમારે કોઈ દૂરના ગામ કે અંધારાવાળી જગ્યાએ જવું પડશે. તમને જણાવી દઈએ કે આ ઉલ્કાઓ જોવા માટેનો શ્રેષ્ઠ સમય ૧૩ ઓગસ્ટની રાત હોઈ શકે છે. જો અમે તમને કેટલીક જગ્યાઓ વિશે જણાવીએ, તો આ જગ્યા કચ્છનું રણ, કર્ણાટક અથવા ઉત્તરાખંડના દૂરના વિસ્તારો અને સ્પીતિ જેવા સ્થળો હોઈ શકે છે. ૧૨-૧૩ ઓગસ્ટ સિવાય, જો તમે ઈચ્છો, તો તમે તેને ૧૬ થી ૨૦ ઓગસ્ટની વચ્ચે પણ જોઈ શકો છો. આ ઓગસ્ટ મહિનામાં, તમને રાત્રે આકાશમાં પર્સિડ ઉલ્કાવર્ષા જોવા મળશે અને તેની સાથે, તમે આ રાત્રે આકાશમાં ઘણી બધી વસ્તુઓ બનતી જોશો. સરળ ભાષામાં કહીએ તો, આ ઓગસ્ટ મહિનો એવા લોકો માટે ખૂબ જ ખાસ રહેશે જેમને આકાશ જોવાનું ગમે છે.દર વર્ષે ઉલ્કાઓનો વરસાદ થાય છે અને આ દૃશ્ય ખૂબ જ સુંદર હોય છે. આ વર્ષે પર્સિડ ઉલ્કા ૧૨ અને ૧૩ ઓગસ્ટની રાત્રે સારી રીતે જોવા મળશે. તમને જણાવી દઈએ કે ઉલ્કાઓનો વરસાદ જુલાઈથી શરૂ થઈ અને ૨૪ ઓગસ્ટ સુધી ચાલુ રહેશે, પરંતુ ૧૨ અને ૧૩ ઓગસ્ટની રાત્રે, તમે દર ૨-૪ મિનિટે આ દૃશ્ય જોશો.

### પોલીસ તરીકે ઓળખ આપી

## અમદાવાદ શહેરમાં યુવતીના છ લાખના સોનાના દાગીના લૂંટી શખ્સ પલાયન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

શહેરના કૃષ્ણનગર વિસ્તારમાંથી યુવતીને પોલીસ તરીકે ઓળખ આપી અજાણી જગ્યાએ લઈ ગયા બાદ શખ્સે ૬ લાખના દાગીના લૂંટી લીધા હતા. ત્યારબાદ તે ત્યાંથી પલાયન થઈ ગયો હતો. આ અંગે યુવતીએ કૃષ્ણનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ આદરી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં ૨૯ વર્ષિય મોના(ઓળખ છૂપાવવા નામ બદલ્યું છે) રહે છે. મોના મૂળ જોધપુરની છે અને અઠવાડિયાથી કામ માટે પતિ સાથે અમદાવાદ આવેલી છે. ૨ ઓગસ્ટના રોજ બપોરે અઢી વાગ્યાની આસપાસ મોના ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવેલી હોટલમાં જમવા માટે ગઈ ત્યારે એક બાઈક પર અજાણ્યો શખ્સ તેનો પીછો કરી રહ્યો હોવાનો અહેસાસ થયો હતો. જમ્યા બાદ તે હોટલ બહારથી રિક્ષામાં બેસી પોતાના ઘર તરફ જવા લાગી ત્યારે રસ્તામાં શખ્સે રિક્ષા અટકાવી હતી અને જણાવ્યું હતું કે, હું પોલીસમાં છું અને તું ખોટા ધંધા કરે છે એટલે તારે મારી સાથે પોલીસ સ્ટેશન આવવું પડશે. ત્યારબાદ તેણે મોનાને બાઈક પર બેસવાનું કહેતા તે ગભરાઈ હતી, પરંતુ શખ્સે ગુસ્સો કરી પોલીસ તરીકે ઓળખ આપતા મોના બાઈક પર બેસી ગઈ હતી. ત્યારબાદ તે અજાણી જગ્યાએ મોનાને લઈ ગયો હતો અને કહ્યું હતું કે, તે પહેરેલા દાગીના મને આપી દે. ત્યારે મોના ગભરાઈ ગઈ હોવાથી ૨૨ ગ્રામની બે બંગડી, વીંટી, સોનાની ચેઈન સહિતના દાગીના પડાવી લીધા હતા. ત્યારબાદ આ શખ્સ પલાયન થઈ ગયો હતો.

## અમદાવાદના બોપલમાં બે રાઉન્ડ ફાયરિંગ, એકનું મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૬ ।

ગુજરાતમાં અસામાજિક તત્ત્વોનો આતંક દિન-પ્રતિદિન વધતો જઈ રહ્યો છે. એમાં પણ અમદાવાદ જેવા શહેરોમાં ફાયરિંગ અને ઘાતક હથિયારો લઈને ફરતા ગુંડાઓના સમાચાર જાણે સામાન્ય બની રહ્યા છે. એવામાં શહેરમાંથી વધુ એક ખુલ્લેઆમ ફાયરિંગની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, અમદાવાદના બોપલ વિસ્તારમાં અજાણ્યા યુવકો દ્વારા બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.










**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya